
૩

# જીવદયાના જ્યોતિર્ધર શ્રીહેમચન્દ્રાચાર્ય

આચાર્ય શ્રીવિજયશીલચન્દ્રસૂરિજી



શાસનસમ્રાટ ભવન ગ્રંથમાલા - ૧૨
(ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ-૨)

# જીવદયાના જ્યોતિર્ધર શ્રીહેમચન્દ્રાચાર્ય

: પ્રવચનકાર :
આચાર્ય શ્રીવિજયશીલચન્દ્રસૂરિજી

: પ્રકાશક :
શ્રીભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, ગોધરા

વિ.સં. ૨૦૭૨ ઈ.સ. ૨૦૧૬

# જીવદયાના જ્યોતિર્ધર શ્રીહેમચન્દ્રાચાર્ય

વક્તા : આચાર્ય શ્રીવિજયશીલચન્દ્રસૂરિજી

પ્રવચન - સમય તથા સ્થળ :
ભાદરવા વદ-૯, સં. ૨૦૭૧
તા. ૬-૧૦-૨૦૧૫, મંગળવાર
અકોટા ઉપાશ્રય, વડોદરા.

પ્રત : ૧૦૦૦

© સર્વાધિકાર સુરક્ષિત

પ્રકાશક : શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ
C/o. યશોભદ્ર શુભંકર જ્ઞાનશાળા
જૈન સોસાયટી, ગોધરા (પંચમહાલ) - ૩૮૯૦૦૧

પ્રાપ્તિસ્થાન : ૧) સરસ્વતી પુસ્તક ભંડાર
૧૧૨, હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૫૩૫૬૬૯૨
૨) શ્રીવિજયનેમિસૂરિ જૈન સ્વાધ્યાયમંદિર
૧૨, ભગતબાગ, જૈનનગર, પાલડી,
અમદાવાદ-૭ ફોન : ૦૭૯-૨૬૬૨૨૪૬૫
૩) શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાનશાળા
શાસનસમ્રાટ ભવન, હઠીભાઈની વાડી,
દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ રોડ,
અમદાવાદ-૪. ફોન : ૦૭૯-૨૨૧૬૮૫૫૪

મૂલ્ય : ₹ ૨૦૦-૦૦ (સેટ) એક પુસ્તકનું ₹ ૪૦-૦૦

મુદ્રક : કિરીટ ગ્રાફિક્સ - ફોન : ૦૭૯-૨૫૩૩૦૦૯૫

# પ્રકાશકીય

અમારા પરમ ઉપકારી ગુરુભગવંત શ્રીવિજયસૂર્યોદય-સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં, તેઓના શિષ્ય શ્રીવિજયશીલચન્દ્ર-સૂરિજીની પ્રેરણા અનુસાર સ્થાપવામાં આવેલા અમારા ટ્રસ્ટના ઉપક્રમે આજ સુધીમાં ઘણાં પુસ્તકો પ્રકાશિત થયેલાં છે.

તે શૃંખલામાં આજે આ પ્રવચનમાળાની પુસ્તિકાઓનો બીજો સંપુટ પ્રકાશિત કરવાનો લાભ અમને મળ્યો છે, તે માટે અમો પૂજ્ય આચાર્યશ્રીના અત્યંત ઋણી રહીશું. વિશેષ કરીને, નવી શરૂ થયેલી 'શાસનસમ્રાટ ભવન ગ્રંથમાળા'નાં પ્રથમ છ પ્રકાશનો અમારા ટ્રસ્ટના ઉપક્રમે થયાં હતાં. અને તે જ શૃંખલાનાં આગળનાં પ્રકાશનો પણ અમારા ટ્રસ્ટના ઉપક્રમે થાય છે, તેનું અમારે મન ઘણું ગૌરવ છે.

આ પ્રકાશનમાં શ્રીસાબરમતી-રામનગર જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - અમદાવાદ તરફથી પોતાના જ્ઞાનખાતામાંથી ઉદાર આર્થિક સહયોગ મળ્યો છે, તે માટે તેઓનો પણ અમો આભાર માનીએ છીએ.

સુઘડ મુદ્રણ માટે કિરીટ ગ્રાફિક્સનો આભાર માનીએ છીએ.

લિ.

શ્રીભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, ગોધરા

-નો ટ્રસ્ટીગણ

# પ્રાસંગિક

સં. ૨૦૭૨ના વર્ષે માગસર માસમાં સાબરમતીરામનગરના શ્રીસંઘની વિનંતીથી ત્યાં જવાનો યોગ થયો. સંઘના મોભીઓની ભાવના હતી કે તમે સૂરત, વડોદરા વગેરે સ્થાને પ્રવચનમાળા ગોઠવી તેવી અમારે ત્યાં પણ ગોઠવો. અમારે સાંભળવું છે. એમની એ ભાવનાને અનુરૂપ અમે એક પ્રવચનમાળા ગોઠવી, અને બધા મુનિઓએ જે ભિન્ન ભિન્ન મહાપુરુષો વિષે પ્રવચનો આપ્યાં તે બધાં આ પુસ્તિકાઓના રૂપમાં હવે પ્રગટ થઈ રહ્યાં છે.

૨૦૭૧ના ચાતુર્માસમાં વડોદરા-અકોટા ઉપાશ્રયમાં પણ આવી પ્રવચનમાળા યોજાઈ હતી. અને કેટલાક વિષયો યથાવત્ રાખીને તે જ પ્રવચનમાળા સાબરમતીમાં પણ યોજાઈ. તે બંને સ્થાનનાં પ્રવચનોનું સંકલન આ પુસ્તિકાઓમાં થયું છે, અને તે રીતે એક સુંદર પ્રવચનશ્રેણિ તૈયાર થઈ છે.

પ્રવચનમાળાના બહાને આપણને મહાન જ્યોતિર્ધર પૂજ્ય પુરુષોના ગુણગાનની અનુપમ તક મળી તેનો ઘેરો આનંદ છે. સાથે જ અન્ય બાહ્યપ્રવૃત્તિરૂપ-અનુષ્ઠાનોને બદલે આવાં અન્તર્મુખતા વધારનાર અનુષ્ઠાનો પણ સફળ થઈ શકે છે તેનો અહેસાસ હૈયે છે જ.

આ પૂર્વે પ્રકાશિત થયેલા પ્રવચનમાળાના પ્રથમ સંપુટને ચતુર્વિધ શ્રીસંઘ તરફથી ઘણો જ આવકાર મળ્યો છે. અને અનેક જિજ્ઞાસુ જીવો તેના વાંચનથી લાભાન્વિત થયા છે. તેઓની ઘણા સમયથી તે પ્રકારના અન્ય પ્રકાશનો માટેની માંગણી હતી. જિજ્ઞાસુઓની એ શુભ ભાવનાનો પ્રતિસાદ આપ્યાના આનંદ સાથે.

આષાઢ, ૨૦૭૨ - શીલચન્દ્રવિજય

# જીવદયાના જ્યોતિર્ધર શ્રીહેમચન્દ્રાચાર્ય

– વિજયશીલચન્દ્રસૂરિ

श्रीवीरे परमेश्वरेऽपि भगवत्याख्याति धर्मं स्वयं
प्रज्ञावत्यभयेऽपि मन्त्रिणि न यां कर्तुं क्षमं श्रेणिकः ।
अक्लेशेन कुमारपालनृपतिस्तां जीवरक्षां व्यधाद्
यस्याऽऽस्वाद्य वचःसुधां स परमः श्रीहेमचन्द्रो गुरुः ॥

ગુરુગુણગાન ! એનો એક મજાનો ઉપક્રમ ચાલી રહ્યો છે. ગુરુ એટલે શું ? ગુરુ કેવા હોય ? ગુરુ કોણ હોય ? ગુરુતત્ત્વ અને ગુરુપદ એ બે આ શાસનની કેવી જબરદસ્ત આધારશિલાઓ છે ? એ બધા પદાર્થોની સમજણ આપવા માટેનો આ એક નાનકડો પણ મજાનો ઉપક્રમ આપણે રાખ્યો છે. વ્યક્તિના માધ્યમથી ગુરુતત્ત્વની ઓળખાણ !

સિદ્ધર્ષિગણી એ વ્યક્તિ હતા. સિદ્ધસેન દિવાકર ભગવંત એક વ્યક્તિ હતા. હેમચન્દ્રાચાર્ય પણ એક વ્યક્તિ હતા. પણ એમનું વ્યક્તિત્વ એ 'ગુરુ' શબ્દમાં સંતાયેલા તત્ત્વને ઉજાગર કરે છે. ગુરુ

કેવા હોય ? ગુરુની ગરિમા કેવી હોય ? ગુરુની ક્ષમતા કેવી હોય ? ગુરુનું તેજ કેવું હોય ? ગુરુનું માર્ગદર્શન કેવું હોય ? ગુરુનો માર્ગ કયો હોય ? ગુરુની પ્રેરણા કઈ હોય ? - આ બધું આ મહાત્માઓના જીવનમાંથી આપણે શીખવાનું છે. આપણે ચૂસવાનું છે.

તમને ખબર છે ? તમે ઘરમાં જમવા બેઠા હો અને જમતાં જમતાં વાટકામાંથી દાળનું ટીપું જમીન પર પડે, તમે જોજો, આવું ઘણીવાર બનતું હોય છે. એ ટીપું પડ્યું હોય ને ત્યાં અચાનક ક્યાંકથી લાલ કીડી આવી ચડે છે. એ કીડી એ ટીપા ઉપર પોતાના બે અંકોડા લગાડી ચોંટી જાય. હવે દાળમાં મરચું હોય, મીઠું હોય, હળદર હોય; દાળમાં વઘાર હોય; કીડીને ભાવે એવું એમાં શું હોય ? એને સાકરના ટુકડામાં કે મીઠાઈમાં ભાવતું મળે, દાળમાં શું મળે ? પણ આપણા ગુજરાતના રિવાજ પ્રમાણે દાળમાં ગોળ નાખેલો હોય. દાળના ટીપામાં ગોળનો અંશ હોય, અને કીડી એ તીખી, ખારી કે ખાટી દાળમાંથી પણ ગોળનું ગળપણ ચૂસે. આટલી બધી તીખી દાળ, તેનું નાનકડું ટીપું, એમાંથી પણ એ કીડી એના મતલબનું - એને ભાવતું - ગોળનો અંશ-ચૂસી લે. અર્ક ખેંચી કાઢે.

એ કીડીની જેમ આપણે પણ આ મહાપુરુષોના જીવનમાંથી કંઈક તત્ત્વ, કંઈક રહસ્ય, કંઈક પરમાર્થ ચૂસવાનો છે. એવો ચૂસવાનો છે કે આપણું જીવન ધન્ય બની જાય, આપણે નિહાલ થઈ જઈએ.

આજે હેમચન્દ્રગુરુની વાતો કરવી છે. કેવી એક જળહળતી પ્રતિભા છે એ ગુજરાતની ! હા, એ ગુજરાતના હતા - સમગ્રપણે ગુજરાતના. ગુજરાતમાં જ જનમ્યા, ગુજરાતને જ કર્મક્ષેત્ર બનાવ્યું, અને ગુજરાતમાં જ સ્વર્ગસ્થ થયા. અને કેવાં ભગીરથ કાર્યો કર્યાં !

આ જે શ્લોક હું બોલ્યો એમાં એક કવિએ જરા અટપટી કલ્પના કરી છે. એમાં હેમચન્દ્રાચાર્ય અને વીરપ્રભુ - બન્ને વચ્ચે

તુલના કરી છે. કવિએ કહ્યું કે શ્રેણિક જેવો રાજા છે; વીરપ્રભુ જેવા સાક્ષાત્ અરિહંતપદે બિરાજતા સર્વજ્ઞ તીર્થંકર, જેમણે ૧૪-૧૪ ચોમાસાં એના નગરમાં - રાજગૃહીમાં નાલંદામાં કર્યાં; ચાર બુદ્ધિનો નિધાન અભયકુમાર જેવો પ્રજ્ઞાવંત મંત્રી હતો; શ્રેણિકને દૃઢ સમ્યક્ત્વવંત શ્રાવકની ઓળખ મળી છે, શ્રી વીર પ્રભુનો એ પરમ આર્હત શ્રાવક છે, અને ભગવાનની આજ્ઞામાં અને ધર્મમાર્ગમાં એને પૂરેપૂરો વિશ્વાસ પણ છે અને રસ પણ છે. તો એક બાજુ મંત્રી અભય છે, બીજી બાજુ પ્રભુભક્ત રાજા શ્રેણિક છે - સર્વસત્તાધીશ, ને ત્રીજી બાજુ સ્વયં તીર્થંકર છે. આમ છતાં એક કાલસૌકરિક કસાઈ પાસે કતલખાનું બંધ રખાવી શક્યા નથી. વીરપ્રભુએ કહ્યું છે કે આ કતલખાનું એક દહાડો બંધ રહે તો તારી નરકગતિ છૂટી જાય ! પણ તોય બંધ નથી રખાવી શક્યા.

અને તેની સામે શ્રીહેમચન્દ્રાચાર્ય છે. વિક્રમની ૧૨મી સદીના ઉત્તરાર્ધમાં અને ૧૩મી સદીના પૂર્વાર્ધમાં થયેલા એ મહાનુભાવ ! એમને કુમારપાળ જેવો રાજા મળ્યો. તેને એ આચાર્યે પ્રેરણા આપી - જીવદયાની, અને 'अक्लेशेन कुमारपालनृपतिः' - કોઈ પણ જાતના ક્લેશ-કષાય વગર, કોઈ પણ જાતની લડાઈ, મારામારી અને જોરજુલમી કર્યા વગર, કુમારપાળે જીવરક્ષા કરી. કોની પ્રેરણાથી ? તો હેમચન્દ્રગુરુની પ્રેરણાથી.

કવિ સરખામણી કરે છે. ક્યાં શ્રેણિક અને ક્યાં કુમારપાળ ? ક્યાં વીરપ્રભુ ને ક્યાં હેમચન્દ્રાચાર્ય ? એક તીર્થંકર, અને બીજા તદ્દન છદ્મસ્થ ! સેંકડો વર્ષોનો તફાવત. છતાં કવિ તુલના કરે છે કે જે કામ ભગવાન વિદ્યમાન હોવા છતાંય શ્રેણિક ના કરી શક્યો, એ કામ તમારી વિદ્યમાનતામાં તમારી પ્રેરણાથી કુમારપાળે કર્યું ! સાહેબ ! ધન્ય છે. જય હો !

આ હેમચન્દ્રાચાર્યની આપણે વાત કરવી છે. એમનો જન્મ જ જિનશાસનના ઉદ્યોત માટે થયો છે ! એમના ગુરુ છે આચાર્ય

દેવચન્દ્રસૂરિ. અવધૂત યોગી પુરુષ ! સાધક અને જ્ઞાની પુરુષ ! એ વિહાર કરતાં કરતાં ધંધુકા પધાર્યા છે. ધંધુકામાં પોતે વસતિમાં - ઉપાશ્રયમાં બિરાજમાન છે. ત્યાં એક વડીલની આંગળી પકડીને એક નાનકડો બાળક એમને વંદન કરવા આવે છે. ચારેક વરસની એની ઉંમર હશે. વડીલની આંગળીએ આવે છે એ.

ચાલતાં આવડે તો જાતે ચાલો. ન આવડે તો કોઈકની આંગળી પકડવાનું શીખો. બરાબર સમજજો. આપણે એમાં નાનમ સમજીએ છીએ કે હું કોઈની આંગળી પકડું ? કોઈને 'આંગળી કરી' શકાય છે, પણ કોઈની આંગળી પકડી નથી શકાતી.

બાળક વંદન કરે છે, ને પછી ગુરુ પાસે ઊભો રહી જાય છે. એ હાથ જોડીને ભગવંતને વિનંતિ કરે છે -

भयवं ! भवण्णवाओ जम्मजरामरणलहरिहीरंतं ।
मं नित्थारसु सुचारित्तजाणवत्तप्पयाणेण ॥

નાનું બચ્ચું માંગણી કરે છે. આપણે પરંપરાગત રીતે જે કથા સાંભળી છે તે હું પછી કહીશ. જે ખરેખર બન્યું છે તે પહેલાં કહું - બાળક માંગણી કરે છે તે શબ્દો કવિએ પોતાના ગોઠવ્યા હોય તો પણ તેમાં વ્યક્ત થતા ભાવ એક બાળકના છે. બાળકને આવા શબ્દો કદાચ ના આવડે. એ કહે છે કે "હે પ્રભુ ! જન્મ, જરા અને મૃત્યુના તરંગો દ્વારા મને તાણી જતા આ ભવસાગરમાંથી મારે બહાર નીકળવું છે; મને ઉત્તમ ચારિત્રની હોડી તમે બક્ષો, અને મને બહાર કાઢો !" બાળક માંગણી કરે છે કે મને ચારિત્ર આપો.

બહુ ઓછાં બાળકો હોય છે, જે નાની ઉંમરનાં હોય, ગુરુભગવંત પાસે ગયાં હોય, પાંચ-પંદરના ટોળામાં હોય, અને મહારાજ સાહેબ મોજમાં આવીને પૂછે કે બોલો છોકરાઓ ! તમારામાંથી દીક્ષા કોણ લેશે ? ત્યારે એવું બને કે દસમાંથી નવ ના પાડી દે. ૪ જણ બોલે જ નહિ, ૪ ના પાડે, ને એકાદ

બાળક એમ કહે કે 'મારે લેવી છે'. તે પણ કોઈક જ, ક્યારેક જ, બધો વખત નહિ. ઘણીવાર સો હોય ને એકેય ન નીકળે ! અને અહીં આ બાળક સામેથી, વગર પૂછ્યે માંગણી કરે છે : 'સાહેબ, મને સંસારથી બહાર કાઢો !'

મહારાજજી પૂછે છે : ભાઈ, તારું નામ શું ? તું કોનો દીકરો ? તારી મા કોણ ? ત્યારે એ જેની સાથે - જેની આંગળી પકડીને આવ્યો હતો તે એના મામા હતા, નામ નેમિનાગ.એ જમાનાનાં નામો 'ગ' વાળાં વધારે રહેતાં. એમણે હાથ જોડીને વિનંતિ કરી કે 'પ્રભુ ! આ ધંધુકાનો રહેવાસી છે. મોઢ જ્ઞાતિનો છે. એનું નામ છે 'ચાંગ'. ચચ્ચિગ-ચચ્ચ નામનો વણિક વેપારી છે. તેની પત્ની પાહિણી, એ મારી બહેન છે. મારી એ બહેનનો આ દીકરો છે ચાંગો - ચાંગદેવ.

નેમિનાગને ઓળખતા હતા ગુરુભગવંત. સંઘના બધા શ્રાવકોને ઓળખે. અને આ આગળ પડતો શ્રાવક હતો, એટલે એની વાત સાંભળીને તેઓ રાજી થયા. નેમિનાગે પોતાની વાત આગળ વધારતાં કહ્યું : 'સાહેબ ! એક વાત આપ સાંભળો તો કહેવી છે.' ગુરુએ હસીને સંમતિ આપતાં જ તેણે વાત કહેવા માંડી : 'સાહેબ ! આ બાળક જ્યારે અવતર્યું ત્યારે મારી બહેનને સ્વપ્રદર્શન થયેલું. એમાં એણે એવું જોયું કે "મારા ઘરે એક આંબો ઊગ્યો : આંબાનું વૃક્ષ - કેરીનું ઝાડ - ઊગ્યું. એ બહુ ઝડપથી મોટું થવા માંડ્યું. પણ જ્યાં એને ફૂલ - મહોર બેસવાનાં થયાં ત્યાં એ આંબો ઊડી ગયો અને નગરનો બહુ મોટો બગીચો હતો વૃક્ષોથી ભરેલો, એ બગીચામાં વચ્ચોવચ જઈને એ આંબો રોપાઈ ગયો. ત્યાં એણે પોતાની છાયા, ફળ, ફૂલ, પાંદડાં - એ બધાં દ્વારા અસંખ્ય લોકોને રાજી કર્યા. કેટલાય લોકોને છાંયડો આપ્યો. કેટલાયને એનાં ફળ મીઠાં લાગ્યાં, કેટલાયને એનાં ફૂલ. આ બધું એણે સ્વપ્રમાં જોયું."

"ઉપરાંત, આ બાળક માતાના ગર્ભમાં આવ્યો ત્યારે અમારા પ્રદેશમાં જે અશુભ ઉપદ્રવો હતા તે બધા શાંત થઈ ગયા, દુકાળ વગેરે. એના જન્મ વખતે દિશાઓ એકદમ જળહળી ઊઠેલી, આકાશમાં પ્રકાશ ફેલાયેલો."

ધંધુકા એ ભાલકાંઠાનું ગામ. એ પ્રદેશમાં આંધી-વંટોળિયા ખૂબ આવે. નેમિનાગે કહ્યું કે "પ્રભુ ! આનો જન્મ થયો ત્યારે આંધી કે ધૂળનો વરસાદ તો નહિ, પણ આકાશમાંથી ફૂલ પડ્યાં, અને આકાશમાં દિવ્ય વાજિંત્રનાદ થયો."

આ બધી વાતો ઈતિહાસના ચોપડે નોંધાયેલી છે, કાલ્પનિક નહિ. હેમચન્દ્રાચાર્યના સમકાલીન, એમની પાછલી - વૃદ્ધ અવસ્થાના સમયમાં થયેલા આચાર્ય સોમપ્રભસૂરિ, એમણે આ આખો વૃત્તાંત - આંખે દેખ્યો અહેવાલ - નોંધ્યો છે, 'કુમારપાલ પ્રતિબોધ' નામના ગ્રંથમાં.

નેમિનાગે આગળ વાત કરતાં કહ્યું કે "સાહેબ, હજી એક વાત કહી દઉં. આ બાળક જનમ્યા પછી આટલો સમજણો થયો ત્યારથી અમે જોઈએ છીએ કે એને ધર્મ સિવાય કાંઈ ગમતું નથી. ધર્મ સિવાયની કોઈ વાતમાં એનું મન ચોંટતું જ નથી."

આ બધું સાંભળીને ગુરુભગવંત કહે છે, "જો ભાગ્યશાળી! આંબાનું સ્વપ્ન જોયું. એ આંબો એટલે આ બાળક. એ તમારે ત્યાં અવતર્યો ખરો, પણ એ તમારે ત્યાં નહિ રહે. તમારે એને શાસનને સમર્પણ કરવો પડે. એ શાસનના બગીચામાં આવશે તો એનો મીઠો છાંયડો, એનાં ફળ-ફૂલ આખા જગત ઉપર ઉપકાર કરશે. જો તમે આ બાળક અમને સોંપો, સંઘને ને શાસનને સોંપો તો એ શાસનનો અદ્ભુત પ્રભાવક થાય, અને જૈન ધર્મનો વિજયધ્વજ આખા જગતમાં લહેરાવે."

મામાએ કહ્યું કે સાહેબ, એના બાપાની રજા લેવી પડે. તો જ મેળ પડે.

એના પિતાજીને સમજાવ્યા, તો એ કહે કે તમારી બધી વાત મારે ગળે ઊતરે છે, પણ મારું આ રાંકનું રતન છે. એને હું મારા હૈયાથી વિખૂટો પડવા દઉં એ મારા માટે શક્ય નથી. ના પાડી. માતા મૌન છે. માતાની સંમતિ છે, પણ પિતા આગળ માતા લાચાર ! પણ માતાની સંમતિ છે એ જોઈને મામા નેમિનાગ કહે છે કે 'સાહેબ, એના બાપને હું સંભાળી લઈશ, તમે આને લઈ જાવ, દીક્ષા આપી દો.'

જોજો ! મામા રજા આપે છે, અને તે પણ બાપની ઉપરવટ જઈને ! તમે શું કરો ? તમારું પંચ બેસે તો મામાને નાતબહાર કરો ને ? બાપ જીવતો છે તો મામાનો અધિકાર શો ? મામાથી આવી રજા અપાય જ કેમ ? હા, મામાને રોકવાનો અધિકાર ચોક્કસ મળે. બાપ રજા આપે તો મામા તરત કહી શકે કે એનો બાપ તો અક્કલ વગરનો છે; એ તો રજા આપી દે. મામાનું પણ થોડું સાંભળવું જોઈએ. મામા પણ બુદ્ધિશાળી છે, પાંચમાં પૂછાતા છે !

જો રોકે તો મામા બહુ મહત્ત્વના. અને રજા આપે તો બેકાર ! આ સમાજનાં ત્રાજવાં કહો, કાટલાં કહો, બહુ જુદાં. અમે જોયાં એ કાટલાં. બહુ મજા આવે. જે સંસાર અમે છોડ્યો છે એ સંસારની વાસ્તવિક વાતો અને ચેષ્ટાઓ જોઈએ, અનુભવવા મળે ત્યારે અમને એમ થતું જાય કે અમે સંસાર છોડ્યો છે તે બહુ સારું છે. આવા સંસારમાં અમારા જેવાનું તો કામ જ નહિ !

બાપની રજા હોય ને કાકો ના પાડે, મામો ના પાડે, ફૂવા ના પાડે. આવું તો રોજ જોવા મળે. અને આ સમાજ એટલો બધો કઢંગો સમાજ છે કે બાપને નહિ પણ કાકાને, મામાને અને ફૂવાને જ મહત્ત્વ આપે. અને જો બાપ ના પાડતો હોય ને મામા-કાકા-ફૂવા હા પાડે તો તો જોઈ લ્યો મજા !

અહીં મામાએ બાપને ઓવરટેક કર્યો ને આપી દીધી રજા ! દેવચંદ્રસૂરિ ગુરુ ચાંગાને વિહારમાં સાથે લઈ ગયા. કેળવવા માંડ્યા. ખંભાત પધાર્યા. ત્યાં ઉદયન મંત્રીને સોંપ્યો. બાળક છે, પાંચ વરસનો છે. એને સાચવવો પડે, કેળવવો પડે. ઉદયન મંત્રી તે પાટણના રાજાનો મંત્રી છે, ખંભાતનો સર્વ સત્તાધીશ સૂબો છે. એના રાજભવનમાં રહેવાનું, ને ગુરુ પાસે ભણવાનું, ધર્મ શીખવાનો.

સંવત્ ૧૧૪૫ ના કાર્તક શુદ પૂનમે ભગવંતનો જન્મ ધંધુકામાં થયો. બરાબર નવ વર્ષે ૧૧૫૪ માં ૯ વર્ષની ઉંમર થઈ. ૮ વર્ષની મર્યાદા પૂરી થઈ. નવમા વર્ષમાં મહા શુદિ ચૌદશે ગુરુ મહારાજે ખંભાતમાં ચાંગાને દીક્ષા આપી.

અહીં હવે આપણે ત્યાં પ્રચલિત છે તે વાર્તા પણ કહી દઉં. વાત એવી છે કે દેવચન્દ્રસૂરિ ધંધુકા પધાર્યા છે. પોતે બહાર ગયા છે ને માતા ને બાળક બન્ને વંદન કરવા આવે છે. ગુરુનું આસન ખાલી છે, બીજા બધા સાધુઓ છે. પેલું બાળક દોડતું દોડતું સીધું મહારાજજીની પાટ પર જઈને ગાદી-આસન ખાલી હતું તેના પર બેસી ગયું. હવે માતા તો સાધુઓને વંદન કરવામાં વ્યસ્ત છે. તેને થયું કે ચાંગો ક્યાં જતો રહ્યો ? એનેય વંદન કરાવું. એ વ્યગ્રતાથી ચારે બાજુ ચાંગાને શોધવા લાગી, તો ખ્યાલ આવ્યો કે ભાઈ તો ગુરુની પાટ ઉપર બેસી ગયા છે ! એ દોડી : ઊભો થા બેટા, ઊભો થઈ જા ! અહીં ના બેસાય, આશાતના થાય ! એમ બોલતી એ ચાંગાનો હાથ પકડી ઉઠાડવા જાય છે ત્યાં જ પાછળથી એક ધીર ગંભીર અવાજ આવ્યો કે 'પાહિણી ! એને ઊભો ના કરીશ, ભલે એ આસન પર બેઠો!' માતાએ પાછળ જોયું તો દ્વાર પર આચાર્ય ગુરુ ઊભા હતા અને આમ બોલી રહ્યા હતા.

પાહિણી ઓઝપાઈ ગઈ. ગુરુજી પધારી ગયા હતા. એટલે એમની આમન્યા જાળવતી એ એક બાજુ હટી ગઈ. અંદર

પધારી ચૂકેલા ગુરુએ એને કહ્યું કે 'પાહિણી ! આ તારો દીકરો એક દહાડો આ ગાદીએ જ બેસવાનો છે, એનાં આ એંધાણ છે. મને સોંપી દે બેન, આ બાળક મને સોંપી દે.'

સ્વપ્રદર્શનની વાત યથાવત્ છે. કથા થોડીક જુદી પડે છે.

ગુરુજી સકલ સંઘ સાથે ઘરે પગલાં કરવા પધાર્યા. પાહિણી એકલી જ છે ઘેર. બાપ ચાચિગ બહાર ગામ ગયો છે. ગુરુભગવંત ચાંગાની માંગણી કરે છે. માતા હરખાતે દિલે કહે છે કે 'મને વાંધો નથી, લઈ જાઓ ! મારા કુળદીપક રત્નને જો શાસનને સમર્પણ કરવાનું હોય તે એનાથી ઊજળું ને રૂડું મારા જીવનમાં બીજું કશું જ ન હોય. મારી તો રજા છે મહારાજ, પણ એનો બાપ ના પાડે છે. એને મનાવો, તો મને વાંધો નથી.'

ગુરુ ભગવંત કહે કે 'બેન, આખો સંઘ ક્યાંય જાય નહિ, એ આજ તારે ત્યાં આવ્યો છે, એને પાછો ઠેલીશ ? સંઘને ના પાડીશ ?'

અત્યારે સંઘને લાવવો હોય તો થોડા ઘણા પૈસા ખરચવાથી સંઘ ઘરે આવી જાય. થોડાક પૈસા ખર્ચો એટલે સંઘ આખો ઘેર ! અહીંયા પૈસા નથી ખરચવાના, દીકરો ખરચવાનો છે ! સાહેબ કહે છે કે સંઘ તારા દીકરા માટે આવ્યો છે, એને ખાલી હાથે પાછો વાળીશ ?

અને.... અને મા ઉચકીને વહોરાવી દે છે દીકરાને કે "લઈ જાઓ પ્રભુ, આને લઈ જાઓ ! એના બાપને હું ભરી પીશ. જે કકળાટ થશે તે ભોગવી લઈશ. આ આપને સોંપ્યો, લઈ જાવ !"

અને ગુરુ ચાંગાને લઈને વિહાર કરી ગયા, ખંભાત.

પ્રચલિત વાત આવી છે. અને ગ્રંથમાં નોંધેલી વાત પહેલાં કહી તે છે.

૧૧૫૪ના મહા શુદિ ૧૪ ના દિને એમને દીક્ષા આપી. નામ પડ્યું મુનિ સોમચન્દ્ર. ઉંમર વરસ નવ. એ પછી ૨૧ વરસ સુધી તે ભણ્યા છે, એટલે ૨૧ વરસની ઉંમર સુધી, ૧૧૬૬ સુધી. ૧૧૫૪ અને ૧૧૬૬ - કેટલા વરસ થયાં ? ૪૫, ૫૫, ૬૫ અને ૧ = એમ ૨૧. એ ૨૧ વરસની પોતાની ઉંમરમાં ભણ્યા છે, ખૂબ ખૂબ ભણ્યા છે. કેવું ભણ્યા હશે ? કેટલું ભણ્યા હશે ? અમારી તો અક્કલ નથી ચાલતી.

સરસ્વતી દેવીની સાધના કરે છે, અને એને સાક્ષાત્ પ્રગટ કરે છે. પ્રગટ કરીને એનું વરદાન પામે છે. સિદ્ધસારસ્વત બને છે. નૈષ્ઠિક બ્રહ્મચર્યથી અને શુદ્ધ ચારિત્રથી પોતાના જીવનને સુદૃઢ બનાવે છે.

ગુરુભગવંતને લાગ્યું કે લાયક આત્મા છે, એટલે ૨૧ મે વર્ષે, ૧૧૬૬માં નાગપુર એટલે નાગોર - મારવાડમાં એમને આચાર્ય પદવી આપી. ત્યારે દીક્ષાનાં કેટલા વર્ષ ? બાર વર્ષ. ઉંમર ૨૧ વર્ષ. ત્યારે આચાર્ય પદવી. એ સાથે જ ગુરુએ પોતાના ગચ્છની ધુરા એમને સુપ્રત કરી કે આ ગચ્છ હવે તારે હવાલે.

અને એ જ દિવસે એમની માતા દીક્ષા લે છે. એક તરફ આચાર્ય પદવી, એમાં સોમચંદ્રનું નામ પડે છે હેમચન્દ્ર : આચાર્ય હેમચન્દ્ર ! અને એ જ વખતે, એ જ માંડવામાં એમની માતા પાહિણી દીક્ષા લે છે. અને જુઓ ! એ આચાર્ય પણ કેવા ? માતાને દીક્ષા આપવાની સાથે જ સાધ્વી-સમૂહનાં વડાં તરીકે તેમને સ્થાપી દે ! ગુરુ હાજર હશે. ગુરુની અનુમતિ વિના તો કશું થાય નહિ.

પણ એ માતા કેવી હશે ? કલ્પના કરી શકાય કે એ સામાન્ય માતા નહિ હોય. સામાન્ય - મારા તમારા જેવી તુચ્છતાથી છલકાતી માતા નહિ હોય. એનામાં પણ કાંઈક દૈવત તો હશે જ, આપણી ભાષામાં કહું તો કાંઈક Guts - ગટ્સ તો

હશે જ, કશીક ક્ષમતાઓ હશે જ. તો જ દીક્ષા આપવાની સાથે જ એમને આચાર્ય પ્રવર્તિની પદ આપે ને !

આચાર્યની મા છે, પણ એ માતા કોઈના પર રૂવાબ ન છાંટે. પ્રવર્તિની થઈ ગયાં એટલે આને તોછડાઈથી બોલાવે, પેલીને તુચ્છકારે, અમુકને અપમાનિત કરે, એવું નહિ. અહીં તો એ જ વિનય ! એ જ નમ્રતા ! એ જ ઋજુતા ! પોતાની સાધનામાં મશગૂલ ! બે જ કામ કરવાનાં : પોતાની આરાધના, માળા, સ્વાધ્યાય, અને પોતાના દીકરા દ્વારા થતાં શાસનનાં ને ગ્રંથસર્જનનાં કામો જોઈને તેની ઉપબૃંહણા. એ સિવાય કોઈ કામ જ નહિ. બસ, જોઈ જોઈને રાજી થાય કે વાહ ! મારા દીકરા કેવા ભગવાનને વફાદાર છે ! શાસનને કેવા સમર્પિત છે! શાસનનાં કેવાં કામો કરે છે ! આમ જોઈ જોઈને પોમાય, હરખાય. સાથે પોતાની આરાધના : કોઈને લડવું નહિ, કોઈને ઝગડવું નહિ, કોઈને ઊંચે સાદે બોલવું નહિ, કોઈને તુચ્છકારવા નહિ, કોઈને ઊતારી પાડવાનાં નહિ. આ બધી ક્ષમતાઓ હોય ત્યારે પ્રવર્તિની પદ મળે ને ! પ્રવર્તિની પદ મળ્યું તેનો મતલબ જ આ છે.

આચાર્ય વિહાર કરે છે - દેશવિદેશમાં. એમની ધર્મ-પ્રવૃત્તિઓ ચાલુ જ છે. એમાં એક દિવસ રાત્રે સ્વપ્નમાં એક દેવીએ દર્શન આપ્યાં અને કહ્યું કે 'તમે ગુજરાત છોડીને બીજે વિચરવાનું માંડી વાળો. તમારા હાથે ગુજરાતમાં જૈન શાસનનો મહાન ઉદ્યોત થવાનો છે. એટલે પાછા ગુજરાતમાં આવી જાઓ.'

આમ આદેશ આપ્યો દેવીએ, અને આચાર્ય વિહાર કરતાં પાછા ગુજરાતમાં પધાર્યા. ગુજરાતમાં તે વખતે રાજા સિદ્ધરાજ જયસિંહનું રાજ ચાલે છે. એ પરમ શૈવ છે, શિવધર્મનો પ્રખર ઉપાસક. એ આખો રાજવંશ ભગવાન શંકરનો પરમ આરાધક છે. જો કે એના પાયામાં જૈન સાધુ છે.

વનરાજ ચાપોત્કટ - ચાવડાએ પાટણનું રાજ્ય સ્થાપ્યું. એનો વંશ તે ચાવડા વંશ. તે પછી સોલંકી વંશ આવ્યો, અને પછી આવ્યો વાઘેલા વંશ. એ ત્રણે વંશ મળીને ૬૦૦ વર્ષ લગભગ રાજ્ય ચાલ્યું છે ગુજરાતનું. એના પાયામાં શીલગુણસૂરિ નામના જૈનાચાર્ય છે.

વનરાજ ચાવડાને મોટો કોણે કર્યો ? એને શિક્ષા કોણે આપી ? એને કેળવ્યો કોણે ? એ લૂંટારો હતો, તેમાંથી માણસ કોણે બનાવ્યો ? આચાર્ય શીલગુણસૂરિ મહારાજે. તો પાયામાં જ જૈન ધર્મ છે. વનરાજનો કે ગુજરાતનો પહેલો મંત્રી કોણ ? તો ચાંપો વાણિયો : ચાંપાનેરનો જૈન શ્રાવક. આ સમગ્ર રાજવંશમાં તમે જુઓ, ચાવડાના શાસનમાં કે સોલંકી અને વાઘેલાના શાંસનમાં, મંત્રીઓ જૈન હતા; જૈન મંત્રીઓ જ શાસન ચલાવનારા હતા.

તો સિદ્ધરાજ પરમ શૈવ રાજા છે. આચાર્યજી પાટણમાં બિરાજ્યા છે. વ્યાખ્યાન નિયમિત ચાલી રહ્યું છે. વિદ્વાન મહાપુરુષ છે એટલે અજૈન અને વિધર્મી વિદ્વાનો પણ એમની પાસે આવે છે. વ્યાખ્યાનમાં સ્થૂલિભદ્રજીનું કથાનક ચાલી રહ્યું છે. એમાં વર્ણન આવ્યું કે સ્થૂલિભદ્રે કોશા વેશ્યાને વચન આપ્યું છે કે હું પાછો આવીશ, અને પછી એમણે તો દીક્ષા લઈ લીધી ! પણ વચનનું પાલન તો કરવાનું છે. એટલે ગુરુભગવંત સંભૂતિવિજયજીની અનુમતિ લઈને તે કોશાને ત્યાં પધાર્યા છે. કોશાએ એમને ચિત્રશાળામાં ઉતારો આપ્યો છે, રાખ્યા છે. ચિત્રશાળામાં નગ્ન ચિત્રો છે. કામકળાનાં અને કામસૂત્રનાં ચિત્રો ચારે તરફ આલેખાયેલાં છે, એની વચ્ચે રહેવાનું છે. સામે વેશ્યા આવે. અદ્ભુત અને નિત્ય નવા સોળ શૃંગાર સજે. રોજ નવા નવા રંગ અને ઢંગ. નૃત્ય કરે. ગાન કરે. અને આહારમાં નિત્ય ષડ્રસ ભોજન વહોરાવે. માલ, મેવા, મીઠાઈ, અદ્ભુત ભોજન !

સ્થૂલિભદ્રજીએ કહ્યું કે 'તારે આ બધું જ કરવાની છૂટ, પણ ચાર હાથ જગ્યા છોડીને. મારી ચોતરફની ચાર ચાર હાથની જગ્યા મારી. ચાર હાથની બહાર રહીને તારે જે કરવું હોય તે કર. નાચવું હોય તો નાચ. કપડાં પહેરવાં - ન પહેરવાં એ બધી જ છૂટ. કોઈ પાબંદી નહિ. બસ, ૪ હાથની અંદર તારે નહિ પ્રવેશવાનું.'

આમ વ્યાખ્યાનમાં કથા ચાલે છે, ને બ્રાહ્મણ વિદ્વાન આ સાંભળે. એણે માથું ધૂણાવ્યું ને કહ્યું કે મહારાજ, આવાં ગપ્પાં ના મારો ! આવું તે કદી બની શકે ખરૂં ? આવી સ્ત્રી, આવી ચિત્રશાળા, આવાં ભોજન, આવાં નાચ-ગાન, આવી જુવાની - આ બધું ભેગું થયું હોય ને પેલા સાધુ લપસે નહિ, એ બને જ નહિ. તમે ગપ્પાં મારો છો.

અને એ વિદ્વાને તો ભાઈ રાજાના દરબારમાં જઈને કીધું કે "આ હેમચન્દ્ર નામના જૈન સેવડા - શ્વેતાંબર સાધુ છે, ને વ્યાખ્યાનમાં આવાં ગપ્પાં મારીને લોકોને ભરમાવે છે. મહારાજ! આવાં ગપ્પાં મરાતાં હશે ? વિચલિત કરે એવા તમામ વિભાવો ઉપલબ્ધ હોય, અને સાધુ આમ પલાંઠી મારીને - આંખો મીંચીને બેસી રહે ? ગળે નથી ઊતરતું સાહેબ ! સાધુ પડ્યા વિના રહે નહિ. ભલભલો લપટાઈ જાય !" રાજાને પણ વાત વિચારવા જેવી તો લાગી.

હવે રિવાજ એવો કે મોટા કે પર્વના દિવસો હોય ત્યારે આચાર્ય પણ રાજસભામાં પધારે. એવા એક દિવસે પોતે રાજસભામાં પધાર્યા છે. લાકડાના બાજઠ પર બેઠા છે. એ વખતે પેલા વિદ્વાને રાજાને છંછેડ્યો, અને સ્થૂલિભદ્રની વાર્તા યાદ અપાવી. રાજાએ કીધું કે તમારી વાત તો સાચી છે. આવી વાર્તા કાંઈ ગળે ઊતરતી નથી. રાજાએ આચાર્યને પૂછ્યું : હમણાં કયા વિષય પર વ્યાખ્યાન કરો છો આપ ? આચાર્યે સંક્ષેપમાં સ્થૂલિભદ્રની વાત કરી. રાજાએ કીધું કે "સાહેબ ! આ

વાતો ગળે નથી ઊતરતી. આવું તો કાંઈ બની ન શકે. વિશ્વામિત્ર અને મેનકાની કથા તો આપના ધ્યાનમાં જ હોય !

તમે વિશ્વામિત્રનું નામ સાંભળ્યું છે ? મેનકા અને વિશ્વામિત્ર. એક અપ્સરા ને એક ઋષિ. કમાટીબાગ મ્યૂઝિયમમાં રાજા રવિવર્માનું દોરેલું ચિત્ર - પેઈન્ટિંગ છે, જોઈ આવજો ! એમાં મેનકા નામની દેવાંગના વિશ્વામિત્રને ચલિત કરે છે, એનો તપોભંગ કરાવે છે. અદ્ભુત ચિત્ર છે.

જો કે તમારે તો ક્યાંય આવું આવે નહિ, ખરૂં ? સીધી લાઈનના તમે માણસો ! 'નિશાળેથી નીકળી, જવું પાંસરૂં ઘેર' - બરાબર ને ? ઓફિસથી ઘરે ને ઘરેથી ઓફિસ ! એમાં વચ્ચે આવું મ્યૂઝિયમ જેવું કશું આવે ખરૂં ?

જરા સમય કાઢીને જોવા જજો. રાજા રવિવર્માનાં ચિત્રો. ગાયકવાડ સરકારે એમને અહીંયા રાખેલા અને ચિત્રો દોરાવરાવેલાં. એ અસલ ચિત્રો અહીં મ્યૂઝિયમમાં છે. એમાં મેનકા ઋષિને ચલાયમાન કરે છે : વિશ્વામિત્રનો તપોભંગ !

તો રાજા પૂછે છે : સાહેબ !

विश्वामित्रपराशरप्रभृतयो येऽन्येऽम्बुपत्राशिन-
स्तेऽपि स्त्रीमुखपङ्कजं सुललितं दृष्ट्वैव मोहं गताः ।

आहारं सघृतं पयोदधियुतं भुञ्जन्ति ये मानवा-
स्तेषामिन्द्रियनिग्रहः कथमहो ! दम्भः समालोक्यताम् ॥

વિશ્વામિત્ર શું ખાતા'તા એ ખબર છે ? કંદમૂળ ખાતા'તા અને પાણી પીતા'તા. પડિયામાં પાણી પીએ અને ઝાડનાં પાંદડાં, મૂળા-ગાજર અને સૂરણનો કંદ, તથા ફળો આવું બધું ખાય. બીજું કાંઈ ખાતા નહિ. વિકાર કરે એવો કોઈ જ ખોરાક નહિ. એ પણ બાપડા મેનકા જેવી સ્ત્રીને જોઈને પાંચ ક્ષણમાં પાણી પાણી થઈ ગયા; ચલાયમાન થઈ ગયા. તો આ

સ્થૂલિભદ્રની તમે વાત કરો છો કે બાર બાર વરસ સુધી એ વેશ્યા સાથે એમણે ભોગ ભોગવેલા, પણ સાધુ થયા પછી એને ત્યાં રહ્યા, ષડ્રસવાળાં ભોજન કર્યાં, એમની ચારે બાજુ કામભોગનાં ચિત્રો હતાં, સામે સોળ શણગાર સજીને એ સ્ત્રી નાચતી હતી, અને છતાં એ વિચલિત ન થયા ! સાહેબ, કહેતા તો દીવાના, સુનતા ભી દીવાના ? આવી વાત માન્યામાં કેમ આવે ?

આ સિદ્ધરાજ જયસિંહ બોલે છે. પેલા વિદ્વાન પણ બોલે છે. બધા આચાર્ય પાસે જવાબ માંગે છે કે તમારી વાત ગપ્પાં લાગે છે, સાચી નથી લાગતી.

ત્યારે આચાર્ય એનો જવાબ આપે છે. બહુ આકરો જવાબ છે. પણ આપવો જ પડે. શાસનની નિંદા થાય અને મહાપુરુષોની વાત મિથ્યા ઠરે તે કેમ ચલાવી લેવાય ? એટલે આચાર્ય જવાબ આપે છે -

सिंहो बली द्विरदशूकरमांसभोजी
संवत्सरेण रतमेति किलैकवेलम् ।
पारापतः खरशिला-कणभोजनोऽपि
कामी भवत्यनुदिनं वद कोऽत्र हेतुः ? ॥

ભાઈ, તમે વિશ્વામિત્રની સાથે સ્થૂલિભદ્રની સરખામણી ક્યાં કરો છો ? આ તો સિંહ અને પારેવાની સરખામણી ગણાય. કેમ ? તો મહારાજ ! સિંહ છે ને, એ હાથીને ફાડી ખાય; હાથી અને સૂવરને મારે અને એના વિકાર અને ઉન્માદ જગાડે એવા માંસથી પોતાનું પેટ ભરે - ત્રણસો ને સાઈઠ દહાડા એ આ જ ખાય. અને છતાં એને કામવાસના વરસમાં એક જ વાર, ક્યારેક જ ઉદયમાં આવે, જાગે. એ વરસમાં અમુક જ વાર સંસારસુખ ભોગવે, ફરી ફરી નહિ. આવા જબ્બરદસ્ત વિકૃતિ કરનારા આહાર કરવા છતાં પણ.

અને પેલું કબૂતર ! તમારા વધેલા-ઘટેલા અનાજના દાણા, ધરતી પર વેરાયેલા હોય તે ખાય. છતાં તમે જુઓ કે તેની કામવાસના કેટલી તીવ્ર અને પ્રબળ હોય છે ! રાજન્ ! કબૂતર અને સિંહની સરખામણી ન હોય. તમે જે નામો આપ્યાં ને એ કબૂતર છે મહારાજ !, સ્થૂલિભદ્ર તો સિંહ હતા - સિંહ.

જવાબ મળી ગયો ! આચાર્યને મિથ્યાભાષી ઠરાવવાના પેંતરા ખોટા પડ્યા. પણ પેલા વિદ્વાન બ્રાહ્મણથી ન રહેવાયું. કોઈ પણ રીતે આચાર્યને ભોંઠા પાડવા જ છે. રાજા તો આચાર્યના જવાબથી ને તેમની છટાદાર વાણીથી ખૂબ પ્રભાવિત હતો. પણ વિદ્વાનને એ ગમે નહિ. એટલે એણે નવી વાત ઉપાડી. એ કહે કે, 'આચાર્યજી આ બધું સંસ્કૃતમાં ફટાફટ બોલે છે ને, એ બધું અમારા બ્રાહ્મણોએ બનાવેલા વ્યાકરણ ભણીને બોલે છે. એમને પોતાને કાંઈ આવડતું નથી. એમની પાસે પોતાનું કોઈ વ્યાકરણ નથી. આ તો પ્રાકૃત ભાષાવાળા ગામડિયા માણસો છે. આટલું આવડતું હોય તો તે અમારું ભણીને આવડ્યું છે.'

સિદ્ધરાજે પૂછ્યું, મહારાજ ! તમારો શું જવાબ છે આ વાતમાં ?

આચાર્યે કહ્યું, ભાઈ ! અમારી પાસે જૈનેન્દ્ર વ્યાકરણ છે, તેની તમને ખબર નથી લાગતી. ભગવાન મહાવીર પાઠશાળાએ બેઠા ત્યારે ઈન્દ્રે આવીને તેમને પ્રશ્નો પૂછ્યા અને તેમણે જે જવાબો આપ્યા તેનું 'જૈનેન્દ્ર' નામે વ્યાકરણ બન્યું છે, તે અમે ભણીએ છીએ. તમે એની પોથી નથી જોઈ ? તો આવો મારે ત્યાં, હું બતાડું.

એટલે રાજા અને પેલા વિદ્વાન બેય ઉછળ્યા : સાહેબ ! આવી પૌરાણિક વાર્તાઓ ના કરો. અત્યારે છે કોઈ વ્યાકરણ તમારી પાસે, તમારું ? જેના આધારે તમે ભણ્યા એ તો બ્રાહ્મણોનું જ બનાવેલું ને ?

એમને લાગ્યું કે આચાર્ય ફસાયા - બરાબરના. પણ હેમચન્દ્રગુરુ જેનું નામ ! એમણે કહ્યું કે જો રાજાજી મને સહાય કરે, તો હું નવું વ્યાકરણ બનાવવા તૈયાર છું. મહારાજ ! તમારે સહાય કરવાની, હું બનાવીશ.

વાત ઉપર ત્યાં પડદો પડી ગયો. આચાર્યે તો વેણ ઉચ્ચારી દીધું. પણ રાજાના મનમાં એક વાત બરાબર બેસી ગઈ કે આ સાધુમાં કાંઈક છે એ નક્કી. એ સામાન્ય ચીલાચાલુ સાધુ નથી લાગતા. કાઠિયાવાડમાં આને 'ફાટેલ પિયાલાવાળો' કહેવાય. અર્થાત્ અસાધારણ વ્યક્તિત્વ ધરાવનારા માણસ છે, સાધારણ નથી. અને રાજાને એમનો સત્સંગ ખૂબ ગમવા માંડ્યો. એણે વિનંતિ કરી કે 'સાહેબ ! તમારે રોજ રાજસભામાં આવવાનું.' આચાર્યે કહ્યું કે 'તમારી રુચિ હોય તો આવીશ.'

અને પોતાનાં ધર્મકાર્યોમાંથી સમય કાઢીને રોજ પોતે પધારે. રોજ નવા નવા પ્રશ્નો પૂછાય ને તેઓ તેના સરસ જવાબ અને સમાધાન આપે. રાજા ખૂબ રાજી થાય, તેને ગુરુ ઉપરનો ભાવ વધતો જાય.

ઈર્ષ્યાળુ લોકો, બ્રાહ્મણો અને બીજા વિદ્વાનોને આ કેમ ગમે ? તેમણે આચાર્યને ક્યાં ફસાવવા, કેવી રીતે ભોંઠા પાડવા, તેના જાતજાતના દાવ રચી કાઢ્યા. રોજ અટપટા સવાલો લઈ આવે તેમને ભીંસમાં લેવા, પણ આચાર્ય બુદ્ધિ અને જ્ઞાનના બળે કાયમ નીકળી જાય. એટલે એક દહાડો કોઈકે રાજાને પહેલેથી કાન ભંભેરીને તૈયાર કરી નાખ્યા કે 'પ્રભુ ! આચાર્યજી આવે એટલે પૂછજો કે મોક્ષ મેળવવો હોય તો કયો ધર્મ કરવો પડે ? કયા ધર્મના પાલનથી મોક્ષ મળે ?' એ બધાના મનમાં ખાતરી હતી કે આચાર્ય એમ જ કહેશે કે "જૈન ધર્મ પાળો તો જ મોક્ષ મળે." અને આવું કહે એટલે આપણે એમના પર તૂટી પડીશું. મજા આવી જશે.

એમની યોજના કારગત નીવડી. રાજાના ગળે એ વાત ઊતરી ગઈ અને તે દહાડે તેણે રાજસભામાં એ પ્રશ્ન ઉપાડ્યો. હવે સીધેસીધું આચાર્યને તો પૂછાય નહિ, એટલે ગોઠવણ પ્રમાણે સભામાં જે જે બ્રાહ્મણો હતા, વિદ્વાનો હતા, સંન્યાસીઓ હતા, એ બધાને રાજાએ પ્રશ્ન પૂછ્યો : "કયો ધર્મ મોક્ષ અપાવે ? ધર્મ તો આટલા બધા છે. એમાં કયો ધર્મ પાળું તો મને મોક્ષ મળે ?"

એક પછી એક બધા જવાબ આપવા માંડ્યા. કોઈકે કીધું કે શંકરની ઉપાસના કરો તો મોક્ષ મળશે. કોઈ કહે, માતાજીની ઉપાસના કરો, શક્તિની ઉપાસનાથી જ મોક્ષ થાય. કોઈ કહે કે આમ કરો, તો કોઈએ કહ્યું કે તેમ કરો. બધા પોતપોતાની વાત કરવા માંડ્યા.

પણ રાજાના ગળે એ વાતો ના ઊતરી. એણે કહ્યું કે 'આવી એકાંગી વાત ના કરો. સૌને સંમત થાય તેવી વાત કરો.' રાજા બુદ્ધિશાળી છે. વિચારક છે. એને એકેય જવાબથી સંતોષ નથી થતો. છેલ્લે એની નજર પડી આચાર્ય હેમચન્દ્ર પર. એણે કહ્યું, 'મહારાજ ! તમે જ કહો ને, મોક્ષ કયો ધર્મ પાળવાથી મળે ?

અને આચાર્યે એને જવાબ આપતાં કહ્યું કે 'તમને એક વાર્તા કહું, એમાં તમારી વાતનો જવાબ આવી જશે, અને એમણે વાર્તા માંડી.

એક ગૃહસ્થ પરણેલો. એની આંખ બીજી એક સ્ત્રી સાથે લડી ગઈ. એનેય પરણ્યો. બે પત્ની થઈ. એણે પહેલી પત્નીની ઉપેક્ષા કરી અને બીજી તરફ ઢળી ગયો. એટલે પહેલીને વાંકું પડ્યું. તમે જાણો છો કે શોક્યના વેર કેવા હોય ? પહેલી પત્નીને થયું કે મારા ધણીને મારી તરફ પાછો વાળવો જ પડે. પેલી પ્રત્યે જ એ આકર્ષાયેલો રહે તે ન ચાલે. વિચાર કરે છે કે શું કરું હું ?

કોઈ ઉપાય જડતો નથી. જડે છે તે લાગુ પડતો નથી. પેલો એની સામે જોતો જ નથી. એવામાં આને એક જોગણ ભટકાઈ

ગઈ. એણે જોગણીને પકડીને કીધું કે કંઈક એવું ઔષધ આપો કે મારો ધણી મને જોતો થઈ જાય, મારો કહ્યાગરો બની જાય.

પેલી જોગણી કામણ-ટૂમણમાં વિશારદ હતી. એણે કીધું કે એવી ઔષધિ આપું કે તારા ધણીને બળદ જેવો આજ્ઞાંકિત બનાવી દઉં. એને લગામ બાંધીને એનો એક છેડો તારા હાથમાં રહે એવો બનાવી દઉં.

બાઈ કહે, બસ, મારે એ જ જોઈએ છે, પેલીને ભૂલી જાય ને મને જ જુએ. જોગણ કહે, લે, આ દવા, આ ચૂર્ણ. ગમે તેમ કરીને એને તારે ત્યાં જમવા લઈ આવજે, અને રસોઈમાં આ ચૂર્ણ ભેળવીને ખવડાવી દેજે. તારું કામ થઈ જશે.

પેલી પોતાના ધણી પાસે ગઈ ને કરગરવા માંડી. પેલાએ લાતો મારી, ગાળો આપી, એ બધું ખમી ખાધું પણ જીદ ના છોડી. છેવટે પેલો કંટાળીને તેને ત્યાં ગયો. આણે ગરમાગરમ શીરો બનાવ્યો, એમાં પેલું ચૂર્ણ ભેળવી દીધું ને જમાડી દીધો. જેવી એ રસોઈ એના પેટમાં ગઈ એ સાથે જ એ માણસ મટીને બળદમાં ફેરવાઈ ગયો. શીંગડાં, ખૂંધ, ચાર પગ, પૂંછડું - અદ્દલ બળદ જ.

બાઈ તો આ જોઈને ભડકી જ ગઈ. એને તો પાળેલા પ્રાણી જેવો પતિ જોઈતો'તો એને બદલે આ તો સાચેસાચ પ્રાણી બનાવી દીધો ! અરે તારી ભલી થાય ! પેલી જોગણને હવે ક્યાં શોધવી ? એ તો જતી રહી !

પછી તો આખા ગામમાં હાહાકાર મચી ગયો. અને પેલી એની શોક્ય એને છોડે ખરી ? એણે આખું ગામ માથે લીધું કે મારા વરને આણે બળદ બનાવી દીધો !

આણે પણ બળદને લગામ બાંધી, ને લઈને નીકળી પડી. એના હાથમાં ખરેખર લગામ આવી ગઈ. હવે ગામમાં તો રહેવાય નહિ. એટલે જંગલમાં રખડતાં ફરે છે. પહેલાં બળદને

ચારો ચરાવે છે. પછી પોતે જે મળે તે ખાય છે. જંગલમાં જ પડ્યા રહે છે. એક ઝાડ નીચે બાઈ રડતી બેઠી છે. બળદને ઝાડ પાસે રમતો મૂક્યો છે. એવે વખતે આકાશમાં શંકર અને પાર્વતી વિમાનમાં બેસીને નીકળ્યાં.

આચાર્યશ્રી વાર્તા કહે છે. વિમાનમાં બેઠેલા પાર્વતીની નજર અચાનક આ સ્ત્રી પર પડી. પાર્વતી પણ સ્ત્રી છે. સ્ત્રીની બે ભૂમિકા : સ્ત્રીને સ્ત્રીની ઈર્ષ્યા બહુ આવે, ઝેર બહુ આવે, આ પહેલી ભૂમિકા. અને સ્ત્રીને સ્ત્રીની દયા પણ બહુ આવે, આ બીજી ભૂમિકા. બે સામસામા છેડાનાં તત્ત્વો છે. જ્યાં દયા છે ત્યાં ઈર્ષ્યાનું ઝેર પણ છે. અમૃત અને ઝેર બન્ને આડોશ પડોશમાં રહેતા હોય એવી કોઈ જગ્યા હોય તો એનું નામ છે સ્ત્રી.

તો, પાર્વતી માતાને દયા આવી. એમણે શંકર ભગવાનને કીધું : 'મહારાજ, ઊભા રહો !' ભગવાન કહે, 'શું થયું ? કેમ ઊભા રહેવાનું ?' તો કહે, 'પેલી બાઈ જંગલમાં એકલી-અટૂલી છે ને રડે છે. કાંઈક વિચિત્ર લાગે છે. મારે એનું દુ:ખ જાણવું છે.' ભગવાન કહે કે 'એનું દુ:ખ એક જ છે. એને એના પતિને વશ કરવો'તો. એ માટે એણે કામણ-ટૂમણ કર્યાં તો એના પરિણામમાં એનો ધણી આ બળદ થઈ ગયો. એને પાછો માણસ બનાવવા સારુ આ રડે છે.' પાર્વતી કહે, 'પ્રભુ ! કાંઈ દયા કરો ને એના પર. મારાથી એનું રૂદન નથી જોવાતું. કેટલું કલ્પાંત કરે છે ! કંઈક કરો !'

બન્નેનો સંવાદ પેલી સ્ત્રી સાંભળે છે.

શંકરે કહ્યું કે 'એનો ઉપાય તો સાવ સહેલો છે. એ જ્યાં-ઝાડ નીચે બેઠી છે તે ઝાડને ચોફરતી જે વનસ્પતિ ઊગી છે એમાં એક વનસ્પતિ એવી છે કે એ જો ચૂંટીને આ બળદને ખવડાવે તો એ પાછો માણસ થઈ જાય.'

આમ બોલતાં બોલતાં ભગવાન તો આગળ જતા રહ્યા. પણ આ બધું પેલી બાઈએ સાંભળી લીધેલું. એ તરત ઊભી થઈ અને વૃક્ષનો છાંયડો પડે છે ત્યાં સુધીની ભૂમિ પર ચોતરફ જેટલી વનસ્પતિ ઊગેલી, તેનું એક એક તણખલું તોડતી ગઈ અને પેલા બળદને ખવડાવતી ગઈ. એમ કરતાં કરતાં અચાનક જ તેની મૂઠીમાં તણખલાંનો એક જથ્થો આવ્યો, એ બળદના મોંમાં જતાં જ તે પાછો મનુષ્ય બની ગયો ! બધી વનસ્પતિ ખાતાં ખાતાં પેલી શંકરે કહેલી તે પણ આવી ગઈ, અને કામ પતી ગયું.

"રાજન્ !" આચાર્ય ભગવંત રાજાને કહે છે : "જેમ કયું તણખલું ખાધું ને પેલો માણસ થયો એ ખબર ના પડી, એમ કલિયુગમાં 'આ ધર્મ કરો તો જ મોક્ષ મળે' એવું નથી; કળિયુગમાં તો સર્વ ધર્મોમાં જે શુભ તત્ત્વ છે તેનું સંકલન કરો, અને તમે સદાચારનું આચરણ કરો તો મોક્ષ થાય."

રાજા હરખાઈ ઊઠ્યો. વિરોધી બધાનાં હથિયાર હેઠાં પડ્યાં. બધાને એમ હતું કે આચાર્ય એમ જ કહેશે કે 'તીર્થંકરની પૂજા કરો તો ને સાધુ થાવ તો મોક્ષ મળે.' પણ આચાર્યે કેવો જવાબ આપ્યો ? - આને શાસ્ત્રમાં 'ચારિસંજીવનીચાર - ન્યાય' એવા નામે ઓળખાવ્યો છે. ચારિ એટલે ઘાસચારો, એમાં છૂપાઈ હતી સંજીવની ઔષધી, તે ચરાવી, અને પેલો બળદ પાછો મનુષ્ય તરીકે પ્રગટ થયો; એમ તમે દરેક ધર્મમાં શુભ તત્ત્વ છે તેને સ્વીકારો અને તેનું આચરાણ કરતાં કરતાં તમે મોક્ષ પામો.

રાજા રાજી રાજી થઈ ગયો. એ બોલ્યો કે 'આ બધાના જવાબ ખોટા હતા. મને આ બધા ફસાવવા માગતા'તા પણ તમારો જવાબ ! વાહ ! તમે પૂર્ણતઃ સાચા છો મહારાજ !'

વિચાર કરો : એ રાજા કેવો હશે, વિચારક અને વિવેકી ? અને આચાર્ય કેવા હશે ! એમની ક્ષમતાઓ ને પ્રતિભા કેવી હશે !

વાતો તો આવી ઘણી છે. પણ થોડું જતું કરવું પડે, આગળ ચાલવું પડે. આગળ વધીએ :

માલવા સાથે ગુજરાતનું યુદ્ધ થયું. સિદ્ધરાજ જયસિંહ માલવા પર ચડી ગયો છે અને બાર વર્ષ સુધી ઘેરો ઘાલ્યો છે. ધારા નગરી છે. નરવર્મા રાજા હતો. તેનો દીકરો યશોવર્મા હતો. એનો અણનમ કિલ્લો એવો તો મજબૂત હતો કે ૧૨-૧૨ વરસ સુધી ઘેરો ઘાલ્યો તો પણ તે ન જીતાયો. એ કિલ્લાની રચના ને એનું બાંધકામ ! અને માલવદેશની પ્રજા ! ૧૨ વરસ ઘેરો નાખ્યો તોય ડગે નહિ. બાર વરસને અંતે મહામંત્રી મુંજાલ અને સાંતૂ મહેતા જેવા મહામંત્રીઓની બુદ્ધિના બળે રાજા જીત્યો. એની કથા બહુ લાંબી છે; કેવી રીતે જીત્યો ? કેવાં વિઘ્નો આવ્યાં ? એ બધી વાર્તાઓ જુદી છે. અત્યારે એનો અવસર નથી.

રાજા જીતીને પાછા પાટણ આવ્યા છે. પાટણ - અણહિલપુર પાટણમાં રાજાનું ભવ્ય સ્વાગત થઈ રહ્યું છે. અનેક ભાટ, ચારણો, બંદિજનો, સ્તુતિકારો, ધર્માચાર્યો રાજાને વધાવે છે, અને આશીર્વાદ આપે છે. અને એ પરંપરાને અનુસરીને આચાર્ય હેમચન્દ્ર પણ એક દુકાનના ઓટલા પર ઊભા છે.

રાજા સિદ્ધરાજનો હાથી આવી રહ્યો છે. ધીમો ધીમો ચાલે છે, ઝડપથી દોડી ન જાય. એ રીતે ચાલતાં ચાલતાં આચાર્ય જ્યાં ઊભા છે ત્યાં આવ્યો. હાથી જરાવાર ઊભો રહે ને રાજા ચારે કોર નજર ફેરવે છે. એમાં એની નજર આચાર્ય ઉપર પડી ને રાજાનું મોઢું હસુ હસુ થઈ ગયું. રાજા આચાર્યને હાથ જોડી પ્રણામ કરે છે અને તે જ ક્ષણે આચાર્ય એને આશીર્વાદ આપે છે :

भूमिं कामगवि ! स्वगोमयरसैरासिञ्च रत्नाकरा
मुक्तास्वस्तिकमातनुध्वमुडुप ! त्वं पूर्णकुम्भीभव ।
धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणास्तोरणा-
न्याधत्त स्वकरैर्विजित्य जगतीं नन्वेति सिद्धाधिपः ॥

હે કામધેનુ ગાય ! તમારા ગોમય-રસ વડે આ આખી ભૂમિને લીંપણ કરો ! આપણે ત્યાં ધરતીને પવિત્ર કરવા માટે ગાયના ગોબરથી લીંપવાનો રિવાજ છે. અને આખી પૃથ્વીને લીંપવી હોય તો કામધેનુ ગાય સિવાય બીજી ગાય ચાલે નહિ ! એટલે આચાર્ય કામધેનુને લીંપણ કરવાનું કહે છે.

અને હે સમુદ્રો ! તમારા પેટાળમાં અસંખ્ય મોતી પડ્યાં છે - સાચાં સાચાં, એ મોતી બહાર કાઢો અને એના સાથિયા પૂરાવો - मुक्तास्वस्तिकमातनुध्वम् ! અને હે ચન્દ્રમા ! त्वं पूर्णकुम्भीभव ! રાજાનું સ્વાગત કરવા માટે માથે પૂર્ણ કળશ લઈને સામે જવું પડે, તો હે ચન્દ્ર ! તું પૂર્ણ કળશનું રૂપ ધરીને આવ અને રાજાનું સ્વાગત કર !

તોરણોય બાંધવાં પડે, કોણ બાંધે ? શેનાં બાંધે ? તો કહે છે કે હે દિગ્ગજો ! આઠ દિશાના અધિપતિ આઠ આઠ દિક્પાલો એવા હે દિગ્ગજો ! તમે જલ્દી જલ્દી જાવ નંદનવનમાં, ત્યાંથી કલ્પવૃક્ષનાં પાંદડાં લો, ને એનાં તોરણો બનાવી ચારે બાજુ બાંધવા માંડો !

"કેમ ભાઈ, એવડું તે શું મોટું પરાક્રમ કર્યું છે તમે કે આ બધું અમે દેવલોકના દેવો કરવા માંડીએ ?" તો આચાર્ય કહે છે કે તમને ખબર છે ? स्वकरैर्विजित्य जगतीं नन्वेति सिद्धाधिपः - પોતાના હાથે આખા જગત ઉપર દિગ્વિજય મેળવીને આ મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહ પધારી રહ્યા છે, એમનું સ્વાગત કરવાનું છે; માટે તમને આ બધું કરવા માટે બોલાવ્યા છે.

રાજાનો હાથી થંભી ગયો છે. આખા રાજમાર્ગ ઉપર ઊભેલી મેદની પણ સ્તબ્ધ બનીને ઊભી રહી ગઈ છે. આચાર્યશ્રી શ્લોક લલકારે છે, અને રાજા કાનમાં અમૃત રેડાતું હોય એ રીતે એને ઝીલે છે. રાજા પ્રણામ કરતો આગળ વધે છે. દિગ્વિજયનો ઉત્સવ પૂરો થયો અને બધું થાળે પડ્યું.

માલવાને લૂંટીને ઘણું બધું લઈ આવ્યા છે. રત્નો, સોનું, ચાંદી, ઝવેરાત ને અનેક વસ્તુઓ, બધું લૂંટીને લાવ્યા છે. બધું ઠેકાણે પાડતા જાય છે. છેલ્લો આવ્યો પુસ્તકભંડાર. એ પણ આખો લઈ આવ્યો છે. રાજાએ એ પુસ્તકભંડાર ખોલાવ્યો. કહે કે મારે એ પોથીઓ જોવી છે. વિદ્વાનોને બેસાડે છે અને પોથીઓ ખોલાવીને હાથમાં લે છે.

એક પોથી લીધી ને પૂછ્યું. આ શું છે ? કયો ગ્રંથ છે ? વિદ્વાનોએ કહ્યું કે "આ 'સરસ્વતીકંઠાભરણ' નામનું વ્યાકરણ છે." કોણે બનાવેલું છે ? તો "રાજા ભોજે બનાવેલું છે." બીજી પોથી લીધી. પૂછે કે આ શું છે ? તો જવાબ મળ્યો 'સરસ્વતીકંઠાભરણ' નામનું કાવ્યશાસ્ત્ર છે. કોણે બનાવેલું ? તો 'રાજા ભોજે'. ત્રીજો ગ્રંથ લીધો : આ શું છે ? તો કહે, 'સરસ્વતીકંઠાભરણ' નામે અલંકારશાસ્ત્ર છે. કોણે બનાવ્યું ? તો કહે, 'રાજા ભોજે'. આમ એક પછી એક રાજા ભોજની ગ્રંથ- રચનાઓની પોથી રાજાના હાથમાં આવતી જાય છે. એક શાસ્ત્ર એવું નથી કે જેના ઉપર રાજા ભોજે પોતાની કલમ ન ચલાવી હોય !

રાજા સ્તબ્ધ બનીને પૂછે છે કે આ બધી રાજા ભોજની રચનાઓ છે ? જવાબમાં 'હા' આવી. પૂછ્યું : આપણે ત્યાં આવી કોઈ રચના ખરી ? આપણા કોઈ વિદ્વાને કરી હોય એવી રચના ! 'મહારાજ ! ક્ષમા કરજો ! પણ ભોજ રાજાના ગ્રંથો જ આપણે ત્યાં ભણાવવામાં આવે છે. એમનાં જ અલંકારસૂત્રો અને એમનું જ કાવ્યશાસ્ત્ર અહીં ભણાય છે.'

'તો મારા ગુજરાતનું વ્યાકરણ નથી ? કાવ્યશાસ્ત્ર પણ નહિ ? સાહિત્ય નહિ ?'

'મહારાજ ! ક્ષમા કરજો. પણ આપણા ગુજરાતમાં એવો કોઈ વિદ્વાન નથી કે જેને ભોજ રાજાની હરોળમાં મૂકી શકાય.'

રાજાનું મન ખાટું થઈ ગયું. એને એ ક્ષણે લાગ્યું કે હું જીતીને પણ હારી ગયો ! પશુબળમાં હું જીત્યો. હાથી, ઘોડા, રથ, પાયદળ, તલવાર, ભાલા અને તીરકામઠાના યુદ્ધમાં હું જીત્યો. પણ બુદ્ધિના, સંસ્કારિતાના અને સંસ્કૃતિના યુદ્ધમાં હું હારી ગયો. એ બધામાં તો ભોજ જીત્યો છે, માળવા જીતી ગયું છે, હું નહિ. એનું ખાવુંપીવું હરામ થઈ ગયું.

રાજસભા ભરાઈ. રાજા બીજાં બધાં જ કામો કરે છે ખરો, પણ એના હૈયામાંથી આ ખટકો જતો નથી. એમાં અચાનક એની નજર આચાર્ય હેમચન્દ્ર પર પડી. એને પેલી વાત યાદ આવી, સ્થૂલિભદ્રની કથા વખતે જે ચર્ચા થઈ'તી એ. એણે તરત જ કીધું : "મહારાજ ! પેલું વચન યાદ છે ?" મહારાજ કહે, 'બિલકુલ યાદ છે.' "તો હવે ક્યારે એનો અમલ કરશો ?" 'રાજન્ ! તમે જરા નવરા પડો એટલે કરીએ. તમે લડાઈ ચાલુ જ રાખો છો એવા વાતાવરણમાં હું એવા કામ શી રીતે કરી શકું ?' ત્યારે રાજા બોલે છે એક શ્લોક :

यशो मम तव ख्यातिः पुण्यं च मुनिनायक ! ।
विश्वलोकोपकाराय कुरु व्याकरणं नवम् ॥

"મહારાજ ! મારો યશ પ્રસરે, તમને ખ્યાતિ મળશે, અને તમને ને મને બન્નેને પુણ્ય થશે રાષ્ટ્રસેવાનું, ભાષાની સેવાનું, ગુજરાતની સેવાનું. તમે જગતના ઉપકાર માટે વહેલી તકે નવું વ્યાકરણ નિર્માણ કરો !"

આચાર્ય ભગવંતે એ પડકાર ઝીલી લીધો, અને કહ્યું કે 'રાજન્ ! કાશ્મીરથી, કાશીથી અને બીજા જુદા જુદા દેશોમાંથી મને કેટલીક પોથીઓ તમારે મેળવી આપવાની છે. આટલી સહાય કરો, પછી હું તરત કામે લાગી જઉં'.

રાજાએ તરત જ જે તે રાજ્યોના કે દેશના રાજાઓ ઉપર ભલામણપત્રો કે અનુરોધપત્રો પોતાના સેવકો સાથે મોકલી

આપ્યા કે તમારા દેશના જ્ઞાનભંડારોમાંથી આ પ્રતો અને આ ગ્રંથોની અમારે જરૂર છે; આપવા કૃપા કરજો.

આમ એમણે ૧૮ વ્યાકરણો આખા ભારતવર્ષમાંથી ભેગાં કર્યાં. તે સમયે ૧૮ વ્યાકરણ ચલણમાં હતાં, તે બધાં મેળવી લીધાં. બધાયનો અભ્યાસ કર્યો આચાર્યે. અભ્યાસ કર્યા પછી એમણે કલમ ઉઠાવી. શાસ્ત્રનું સર્જન શરૂ થયું. એક જ વર્ષમાં સવા લાખ શ્લોક-પ્રમાણ 'સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન' નામના વ્યાકરણની રચના કરી. કેટલા વર્ષમાં ? એક વર્ષમાં. કોણે કરી ? આચાર્ય હેમચન્દ્રે. સિદ્ધરાજ જયસિંહની વિનંતિથી રચના કરી છે, એટલે પહેલું નામ સિદ્ધરાજનું રાખ્યું. રચનાર પોતે છે એટલે બીજું નામ પોતાનું રાખ્યું : સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન. સાંગોપાંગ ! સવા લાખ શ્લોક ! તમે કલ્પના કરી શકો ? કેવું અદ્ભુત વ્યાકરણ ! અઢાર હજાર શ્લોક પ્રમાણ મૂળ. ૮૪ હજાર શ્લોક-પ્રમાણ એનો બૃહદ્ન્યાસ. એનાં બીજાં ન્યાયસૂત્રો. બધું મળીને સવા લાખ.

એ વ્યાકરણની રચના કરીને એમણે રાજસભામાં પેશ કર્યું. રાજા એમ ને એમ સ્વીકારી લે ? તમે સોનીને ત્યાં દાગીનો લઈને જાવ તોય કસ મારે, તો રાજા વ્યાકરણને એમ ને એમ થોડું સ્વીકારી લે ? રાજાએ પંડિતોની સભા બેસાડી. કીધું કે આ વ્યાકરણના શબ્દે શબ્દને તપાસો. પરીક્ષા કરો.

પરીક્ષાને અંતે બધા જ વિદ્વાનોએ એક અવાજે કબૂલ કર્યું કે અત્યંત પ્રસન્ન, સરળ અને શ્રેષ્ઠ વ્યાકરણનું આચાર્યશ્રીએ નિર્માણ કર્યું છે. ત્યારે સિદ્ધરાજે એ વ્યાકરણની પોથી લખાવરાવી. એને હાથીની અંબાડી ઉપર, પોતાનો હાથી, જેના ઉપર પોતાના સિવાય કોઈ બેસી ન શકે એની ઉપર પોતે ન બેસતાં પોથી પધરાવી. અને પોતે તે હાથીની બાજુમાં, આચાર્યની સાથે, છડીદારની જેમ ચાલ્યો. પાટણના રાજમાર્ગો

પર સિદ્ધહેમવ્યાકરણનો વરઘોડો કાઢ્યો. 'મારા ગુજરાતનું વ્યાકરણ' - એવું એને ગૌરવ હતું.

આ વ્યાકરણનું નિર્માણ હેમચન્દ્રાચાર્યે કર્યું, એ શબ્દાનુશાસન. ત્યાર પછી તો લિંગાનુશાસન, કાવ્યાનુશાસન, છંદોનુશાસન, વાદાનુશાસન, એમ પાંચે પાંચ અનુશાસનો, લાખો શ્લોક પ્રમાણ તેમણે રચ્યાં છે.

એ જમાનો કેવો વિચિત્ર હતો તેની વાત કહું. બહુ ભયાનક જમાનો ! બ્રાહ્મણોને શ્રમણોની, જૈન ધર્મીઓની ઈર્ષ્યા થાય. જૈનોને કેમ પછાડવા ? નીચાજોણું કેમ કરાવવું ? એની સતત પેરવીઓ ચાલે. તક મળતાં જ જૈનોનું હીણું દેખાડે, હીણું કરે.

હું કુમારપાળની વાત ઉપર આવી રહ્યો છું. કુમારપાળ રાજા થયો એ પહેલાં વર્ષો સુધી એણે ભટકવું પડ્યું છે. કુમારપાળની હત્યા કરવા માટે સિદ્ધરાજ જયસિંહે પોતાના મારાઓ રોક્યા છે. કુમારપાળ એ સિદ્ધરાજનો ભત્રીજો છે. સિદ્ધરાજને કોઈ સંતાન નથી. નિમિત્તશાસ્ત્રીઓએ અને આચાર્ય હેમચન્દ્ર જેવા ગુરુએ કહ્યું છે કે તમારા નસીબમાં સંતાનયોગ છે નહિ. એટલે એના મનમાં સવાલ થયો કે 'તો મારા પછી પાટણનું રાજ્ય કોણ સંભાળશે ?' બધાએ કહ્યું કે 'કુમારપાળ સંભાળશે.'

રાજાને લાગી આવ્યું : હું કોઈને પણ રાજ્ય સોંપીશ, પણ કુમારપાળને ન આપું. અને એણે તેની હત્યા કરવા માટે પોતાના મારાઓ છોડી મૂક્યા છે. પોતાના સૈનિકોને રોક્યા છે.

કુમારપાળ દર-બ-દર રખડે છે. ભિખારી, બાવો, સંન્યાસી, બૌદ્ધ સાધુ, પરિવ્રાજક એમ જુદા જુદા વેષે ભટકે છે. ભિખારી બન્યો, માગણ બન્યો, એમ કેટલાંય વેષ-પરિવર્તન કર્યાં. વર્ષો સુધી રઝળપાટ કરી. એમાં એક વખત ભાગતો ભાગતો ખંભાત ગયો છે. ત્યાં સંતાવા માટે તેણે

હેમચન્દ્રાચાર્યના શરણે જવું પડ્યું. આચાર્યે એને સંતાડ્યો છે. ઉદયન મંત્રી દ્વારા એની રક્ષા કરાવી છે. જ્યાં સંતાડ્યો હતો એ ભોંયરૂં આજે પણ ખંભાતમાં મોજૂદ છે. આખો તાડપત્રીય પોથીઓનો ભંડાર હતો એ ભોંયરામાં. એ પોથીઓની વચમાં કુમારપાળને સંતાડી દીધો, અને ચારે બાજુ પોથીઓ જ પોથીઓ. રાજાના સૈનિકો પગેરૂં પકડતાં ત્યાં આવ્યા. ભોંયરામાં ઊતર્યા. શોધે છે, પણ ક્યાંય જડતો નથી. પાછા જતા રહે છે.

આ રીતે એને જીવનદાન આપ્યું, કોણે ? આચાર્યે, અને ઉદયન મંત્રીએ. આ ઉપકાર કુમારપાળ ભૂલ્યો નથી.

એ રાજા થયો છે. રાજા થયા પછી ૧૦ વર્ષ સુધી એણે સંઘર્ષ કરવો પડ્યો છે. એનાં સગાંવહાલાં, એના ભાયાતો અને બીજા રાજાઓ, કોઈ એનું માનતા નથી. બધા સિદ્ધરાજના પક્ષમાં છે. કુમારપાળને તો રસ્તે રઝળતો ભિખારી જ ગણીને વાત કરે છે. દશ વર્ષ સુધી એ બધાને વશ કરવામાં જ તે અટવાયો છે. બધાંને જીતતાં એને દશ વર્ષ લાગ્યાં છે. એમાં આચાર્ય ક્યાંથી યાદ આવે ?

દરમિયાનમાં, વિ. સં. ૧૨૧૧ માં આચાર્યજીનાં માતા સાધ્વી પાહિણી કાળધર્મ પામ્યા છે. સંથારો કર્યો છે, આખો સંઘ ભેગો થયો છે. આચાર્ય પોતે બાજઠ માંડીને બેઠા છે. માને નવકાર સંભળાવે છે. માને નિર્યામણા કરાવવાનો યોગ મળે એ દીકરો કેટલો વડભાગી ! પોતે આચાર્ય છે. ગચ્છપતિ છે. માતાને ધર્મ કરાવે છે. તે વખતે સંઘ પુણ્યદાન કરે છે.

આ એક આપણી પ્રથા છે. મૃત્યુસન્મુખ જઈ રહેલા આરાધક પૂજ્યની અનુમોદનામાં વિવિધ સુકૃતોનો સંકલ્પ કરવો અને તેમની પાસે જઈને જાહેર કરવો. સંઘે રૂપિયા ત્રણ કરોડનું પુણ્યદાન આપ્યું : અમે તમારી પાછળ ત્રણ કરોડનો ધર્મવ્યય કરીશું.

ત્યારે માતા ક્ષીણ સ્વરે આચાર્યને ઉદ્દેશીને કહે કે "જે મારા સગાં નથી એ લોકો મને આટલું પુણ્ય આપે છે, અને તમે મારા સગા દીકરા છો તોય મને કાંઈ આપતા નથી !"

આચાર્ય માતાના વિયોગની કલ્પનાએ ક્ષુબ્ધ હતા. હૈયું વિહ્વળ હતું. એટલે આવો કોઈ ખ્યાલ તેમના દિલમાં આવ્યો નહોતો. પણ માના શબ્દો સાંભળતાં જ તરત તેમણે પોતાની ભૂલ સુધારી લીધી. તેમણે કહ્યું કે "મા, તમારા નિમિત્તે હું બે કામ કરીશ. એક તો હું એક કરોડ નવકારનો જાપ કરીશ. અને બીજું, હું ત્રણ લાખ નવા શ્લોકોનું સાહિત્ય-સર્જન કરીશ."

કલ્પના કરી શકો છો ? એક દીકરો માને કેવું પુણ્ય આપે છે ! આ પુણ્ય છે. પુણ્ય માને મળે અને લાભ આપણને મળે. ત્રણ લાખ શ્લોકો કોને મળ્યા ? આપણને ને ? એમણે એ બનાવ્યા, રચ્યા, તો આપણે વાંચીએ છીએ. આખું શાસન લાભાન્વિત થાય, આ મહાપુરુષોની આવી અદ્‌ભુત કૃતિઓથી.

હવે માતાના સ્વર્ગગમન પછી પાલખી નીકળી. એમાં આચાર્ય જતા નથી. સાધુથી પાલખીયાત્રામાં જવાય નહિ. પોતાના ગુરુ હોય કે મા હોય, પણ તેમની પણ પાલખીમાં સાધુ જાય નહિ. સ્મશાને પણ જાય નહિ. જાય તો સાધુપદને હીણપ લાગે. સાધુપદની મર્યાદા ઘવાય. સાધુથી ઉપાશ્રયની દીવાલ ઓળંગાય નહિ. આચાર્ય પણ ઉપાશ્રયમાં જ રહ્યા છે.

પાલખીયાત્રા નીકળી ને અચાનક બ્રાહ્મણોનું ટોળું આવ્યું. એણે એવી અફડા-તફડી અને ધક્કામુક્કી મચાવી કે પાલખી નીચે પડી ગઈ અને માતાનું મૃતક ભોંય ઉપર ધૂળમાં રગદોળાય એ રીતે પડી ગયું. બ્રાહ્મણોએ એ મૃતકને લાત મારી. એની ઉપર થૂંક્યા. જૈનોનું હલકું દેખાડવાની આ વૃત્તિ.

આ ઐતિહાસિક ઘટના છે. એમાં કોઈ રંગોળી પૂરવાનો અવકાશ નથી. આની આચાર્યને ખબર પડી. ખિન્ન થઈ ગયા.

મહાપુરુષોને ખેદ થાય ને, એ ધરતીકંપ કરતાંય ભૂંડી વાત છે. માતાનો તો અગ્નિસંસ્કાર થઈ ગયો, પણ તે પછી તરત આચાર્ય પાટણ છોડીને વિહાર કરી ગયા, અને કુમારપાળ જ્યાં યુદ્ધના મેદાનમાં હતો ત્યાં તેની છાવણીમાં પહોંચ્યા. રાજા ચોંકી ગયો : 'પ્રભુ ! તમે અહીંયા ? યુદ્ધની છાવણીમાં ?' આચાર્યે કહ્યું કે 'હવે પાટણમાં રહેવા જેવું અમારા માટે નથી રહ્યું રાજન્ !' 'શું થયું મહારાજ ! ?' ત્યારે વાત કરી.

ક્ષમા માગે છે કુમારપાળ. કહે કે 'હું પાછો પાટણ આવું પછી બધી વ્યવસ્થા કરીશ. મને માફ કરો.' રાજાએ ગુરુ પાસે વચન લીધું કે 'તમારે પાટણ પાછા આવવાનું. આ અપમાનથી ભાગી નહિ જવાનું. અને હું આવું ત્યારે મને મળવાનું !'

રાજા યુદ્ધ જીતીને પાછો આવ્યો. રાજસભામાં નિમંત્રણ આપીને ગુરુને બોલાવ્યા. સભામાં રાજા વંદન કરીને કહે છે કે 'પ્રભુ ! આ રાજ્ય આપનું છે. આપે જ મને કહેલું કે આ તારીખે તું રાજા થઈશ. સંવત્ ૧૧૯૯ ની અમુક તિથિએ તારો રાજ્યાભિષેક થશે. અને તમે મારા જીવનની પણ રક્ષા કરી છે. એટલે ખરેખર આ રાજ્યના ખરા હકદાર તમે છો. સ્વીકાર કરો !'

આચાર્યે કહ્યું : 'રાજન્ ! અમે તો સાધુ છીએ, અકિંચન. રાજપાટને અમે શું કરીએ ? અમે તો भुञ्जीमहि वयं भैक्षं जीर्णं वासो वसीमहि - ગોચરી ભિક્ષાથી લાવી લાવીને ખાનારા માણસો છીએ. તમારું આ રાજ્ય તમને જ મુબારક !' ત્યારે રાજા માગણી કરે છે કે 'તમારે નિત્ય રાજસભામાં અવશ્ય આવવાનું.'

જૈનોની પ્રતિષ્ઠા વધે અને જૈનોનું માન-સન્માન થાય એવી આખી યોજના ઘડી છે - રાજાએ. વાતો તો ઘણી છે, પણ આપણો સમય મર્યાદિત છે. તો, ગુરુ રાજાને જીવદયા તરફ

દોરે છે. એમને ખ્યાલ આવી ગયો છે કે જૈન શાસનનો ડંકો વગાડવાનું શાસનદેવતાએ કીધેલું છે. એને માટેનું સબળ માધ્યમ કુમારપાળ છે. એના મારફતે અઢાર દેશોમાં અમારિ-ઘોષણા કરાવી. કેવી રીતે ?

બધાં રાજ્યો કાંઈ પોતાનાં નહોતાં. જીત્યાં હતાં તો બધાંને પણ તે બધાં પોતાનું કહ્યું કરે તેવાં નથી. પોતાના ૪ દેશોમાં સંપૂર્ણ અમારિ-ઘોષણા કરાવી. કચ્છ, સૌરાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાત. અને બાકીના રાજાઓનાં રાજ્યોમાં ક્યાંક પોતે ધન ખરચીને; તે તે રાજાને રાજી કરવા ઘણી સોનામહોરો ખરચી. એ રાજી થાય ત્યારે બદલામાં અમારિ-ઘોષણા માગી. ક્યાંક રાજાને પોતાના મિત્ર બનાવ્યા, અને મૈત્રીના દાવે અમારિ-પ્રવર્તન કરાવ્યું. ક્યાંક વિનયપૂર્વક નમ્ર થઈ એનાં વખાણ કરી એને રીઝવીને જીવદયા પળાવે. આમ જીવદયા માટે એમણે બધું જ કર્યું છે.

કુમારપાળે અઢાર રાજ્યોમાં શું શું કર્યું ? હું સામાન્ય આંકડા બોલું ? ધર્મ પામ્યા પછી એણે શું શું કર્યું ? તો, ૧૮ રાજ્યોમાં જીવદયા પળાવી. એના શિલાલેખો મળ્યા છે રાજસ્થાનના રતનપુર અને કિરાડૂ જેવાં ક્ષેત્રોમાંથી. એ આજે પણ વિદ્યમાન છે. ૧૪૪૪ નવાં જિનાલયો બંધાવ્યાં. સાત વ્યસનોનું નિવારણ કર્યું. પોતે તો એ વ્યસનો છોડ્યાં જ, રાજ્યમાં પણ અટકાવ્યાં. ૧૬ હજાર જિનમંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા. મહાદેવનાં મંદિરો અને એવાં સ્થાનોની વાત તો જુદી જ. સાત વખત શત્રુંજયની યાત્રા કરી. એકલા નહિ, સંઘ સાથે. ૨૧ જ્ઞાનભંડારો લખાવ્યા. એક એક ભંડારમાં તમામ ગ્રંથોની પોથીઓ હોય એવા ૨૧ ભંડારો. પરમ આર્હત અને પરનારી-સહોદર એ રાજા. એણે કોઈ 'જૂ' ને મારે ને, એને પણ સજા કરી છે. એક ઉંદરને પોતાના પરિભ્રમણ વખતે અજાણતાં જ મારી નાખેલો, ત્યાં પ્રાયશ્ચિત્તરૂપે પોતે મૂષકવસહી નામનું

દેરાસર બંધાવ્યું. એક તેલી, ઘાંચી. ઘાણી ચલાવે. એ 'જૂ' મારતો હતો. એને પકડ્યો. અને એના જ ઘાણાની આવકના પૈસામાંથી યૂકાવસહી નામનું દેરાસર બંધાવ્યું.

કસાઈઓ. હજારો કસાઈઓનાં કુટુંબોને ત્રણ વર્ષ માટે એમનાં ભરણ-પોષણ ધંધા-ધાપા, લેવડ-દેવડ વગેરેની બધી જવાબદારી પોતે સ્વીકારી, અને એમને ખાટકીનો ધંધો બંધ કરાવ્યો.

ગુજરાતમાં પૂજા કરવા માટે રેશમી વસ્ત્ર મળતાં નહોતાં. બનતાં નહોતાં. કાશી દેશમાં જ એ બનતાં. હવે ત્યાંનો રાજા, એ રેશમી વસ્ત્ર જેટલાં બને એ પોતે મંગાવે, પોતે પહેરે, અને પછી બીજે દિવસે પોતાના પગની છાપ એના ઉપર પાડીને પેલાને પાછાં આપે. વસ્ત્ર હાથે બનાવવાનાં ને બહુ ઓછાં બને. તે પછી તે વણકરો તેને કાંજી ચડાવીને વેપાર કરે. એટલે ગુજરાતમાં જે વસ્ત્ર જાય એ રાજાના પગ પડેલાં અને ઊતરેલાં જાય.

કુમારપાળને આ ખબર પડી. એણે કાશી ઉપર ચડાઈ કરી. યુદ્ધ કરીને ત્યાંના રાજાને હરાવ્યો. અને પછી ત્યાંના સાતસો સાળવીઓ એટલે વણકરોનાં કુટુંબોને ત્યાંથી પાટણ લાવી વસાવ્યાં. આજે પણ પાટણમાં સાળવીની પોળ છે. સાળવીની પોળ અમદાવાદમાં પણ છે. પાટણમાં સાળવીઓનું દેરાસર છે. અમદાવાદમાં છે. બધા સાળવીઓને જૈન બનાવ્યા. એ લોકો પૂજાની જોડ બનાવે અને એના રાજ્યમાં વેચે.

ઘેબર ખાતાં ખાતાં માંસ યાદ આવ્યું. પથરો લીધો ને દાંત તોડવા માટે ઉપાડ્યો. સેવકોએ હાથ પકડી લીધો. આચાર્ય ભગવંત પાસે વાત પહોંચી. ગુરુએ કીધું : 'દાંત તોડવા એ પ્રાયશ્ચિત્ત નથી' 'તો ?' 'પહેલાં તો ઘેબરનો ત્યાગ કરો. અને બીજું પ્રાયશ્ચિત્ત રોજ સવારના દાતણ કરતાં પહેલાં ૧૨ પ્રકાશ

યોગશાસ્ત્રના અને ૨૦ પ્રકાશ વીતરાગસ્તવના, ૩૨ દાંત અને ૩૨ પ્રકાશ, એટલો સ્વાધ્યાય કરવાનો, પછી દાતણ કરવાનું.' સમજ્યા ભાઈ ? કેટલી વાતો કરવી ? કંટકેશ્વરી દેવીનો પ્રસંગ કહીને વાત પૂરી કરૂં.

કંટકેશ્વરી દેવી એ રાજાની કુળદેવી છે. આસો શુદમાં સાતમે ૭૦૦, આઠમે ૮૦૦, અને નોમે ૯૦૦ પાડાનો વધ એ માતાજી સામે કરવો પડે. રાજાએ હાજર રહેવું પડે, એના લોહીથી રાજાને તિલક થાય. એ ભોગ રાજા ધરાવે, એની શેષ પહેલાં રાજા ચાખે, અને પછી આખા નગરમાં વહેંચે. પાડાનો ભોગ, બકરાનો નહિ !

કુમારપાળને વાત કરી. એણે ના કહી : 'નહિ બને'. પૂજારી કહે, 'મહારાજ ! માતાજી કોપાયમાન થશે તો આખા પાટણનું સત્યાનાશ જશે !' 'જે થવું હોય તે થાય; મારાથી આ હિંસા નહિ બને !' પૂજારી કહે, 'પણ પ્રભુ ! તો કોઈક ઉપાય કરો. કંઈક કરો. ચાલે તેમ નથી.' રાજા કહે, 'સારું, એક રસ્તો કાઢું છું.' એણે મંત્રીને કીધું : 'બધા પાડા લઈ આવો, મગાવી લો; માતાજીના મંદિરના પરિસરમાં રોજ એટલા પાડા છૂટા મૂકી દેજો ને દરવાજા બંધ કરાવી દેજો. મંદિર ખુલ્લું રાખવાનું. હું માતાજીને પ્રાર્થના કરીશ કે આ તમારો ભોગ અમે તમને ધર્યો. તમને જોઈએ તો તમારી જાતે એનું લોહી પી લેજો.'

દરવાજા બંધ. કોઈ અંદર જાય નહિ. સૈનિકો ચોકી માટે ઊભા રહી ગયા. પૂજારી જઈ શકે નહિ. સવાર પડી. ત્રણે દિવસના પાડા રોજે રોજ અંદર મૂકાતા. સવારે રાજા આવે ને દ્વાર ખુલે. બધા પાડા હેમખેમ ! એકેયની કતલ થયેલી નહિ. એ જોઈને કુમારપાળે કીધું કે 'જો માતાજીને ભોગ જોઈતો હોત તો આપણે માતાજીને જ સોંપ્યા'તા. એમણે લઈ લીધા હોત.

ખરેખર તો માતાજીના નામે આ પૂજારીઓ ચરી ખાય છે. એ લોકોને ખાવાનો સ્વાદ છે, એટલે માતાજીના નામે બધું ચલાવે છે. હવે એક કામ કરો. આ ૭૦૦-૮૦૦-૯૦૦ પાડાની જેટલી કિંમત થાય એટલું ધન હું માતાજીના ભંડારમાં ભેટ આપું છું.'

આપી દીધું. પણ પૂજારીઓની તો હાલત ખરાબ થઈ ગઈ. માતાજી કોપશે તો ? એવા ફફડાટમાં એ બાપડા ફફડી ઊઠ્યા.

રાત પડી. મધરાતે કંટકેશ્વરી દેવી હાથમાં ત્રિશૂળ લઈને મોઢામાંથી લાંબી જીભ બહાર કાઢી લપકારા મારતાં રાજાની સામે મહેલમાં સાક્ષાત્ થયાં. ચંડિકાનું સ્વરૂપ જોયું છે ને ? એવાં વિકરાળ ! બોલ્યાં : ' નરાધમ ! મારી મર્યાદા તોડી ? લાવ, મારો ભોગ લાવ !'

રાજા લેશ પણ વિચલિત ન થયો. એ બોલ્યો : 'માતાજી ! મેં તો તમને ભોગ આપી જ દીધો છે. તમે ન સ્વીકાર્યો એમાં હું શું કરું ?'

દેવી કહે : 'દુષ્ટ ! મારી સામો બોલે છે ? મારું અપમાન કરે છે ? લે, લેતો જા !' અને તેમણે રાજાને ત્રિશૂળ માર્યું. જેવું ત્રિશૂળ વાગ્યું કે રાજાના અંગે અંગમાં ગળત કોઢ ફૂટી નીકળ્યો. પીડાનો પાર નહિ. લાખ લાખ વીંછી ડંખતાં હોય તેવી કાળી બળતરા ઉપડી. દેવી તો અલોપ !

રાજાએ તાત્કાલિક ઉદયન મંત્રીને બોલાવ્યા. કીધું કે 'આ સ્થિતિ થઈ છે. શું કરું ?' મંત્રી ગમે તેવો તોય વાણિયો હતો, મારવાડી વાણિયો. તોડ કાઢે તેનું નામ વાણિયો. એ કહે, 'મહારાજ ! લાખ મરે પણ લાખોનો પાલનહાર ના મરે. તમારી જિંદગી બચતી હોય તો પ્રભુ ! આંખમિંચામણાં કરો. પૂજારીઓને કહી દઈએ ને પાડાનો બલિ અપાવી દઈએ.'

રાજા કહે, 'નિર્માલ્ય ! નમાલા ! આટલા માટે તને મંત્રી બનાવ્યો છે ? આવી સલાહ આપવા માટે ? નીકળ અહીંથી.' પછી આદેશ કર્યો કે 'અત્યારે ને અત્યારે મારા માટે ચિતા ખડકાવો. લાકડાં મંગાવો. સવારે લોકોને ખબર પડશે કે રાજાને આ કારણે આવો વ્યાધિ થયો, તો લોકોમાં મારી અને ધર્મની વગોવણી થશે. લોકોને જાણ થાય એ પહેલાં જ હું બળીને રાખ થઈ જાઉં, તો મારો ધર્મ વગોવાય નહિ. લોકો હિંસા તરફ ઢળે નહિ.'

મંત્રીએ બહુ સમજાવ્યા, પણ રાજા ન માને. મંત્રીને થયું કે આ તો 'નમાજ પઢવા જતાં મસ્જિદ કોટે વળગી.' નવી આફત આવી. એણે કહ્યું, 'મહારાજ ! એક કામ કરું. હું અત્યારે જ ગુરુભગવંતને મળી આવું.' રાજાએ કીધું : 'હા, જાવ, ગુરુજીને પૂછી આવો.'

ગયા ગુરુ પાસે. ગુરુએ કીધું : 'આવું થયું ? કાંઈ વાંધો નહિ. બેસો.' મંત્રીને બેસાડ્યા. ગુરુએ વાટકો પાણી મંગાવ્યું. પાણી સામે રાખી પદ્માસન વાળીને સમાધિમાં બેસી ગયા. પરમ યોગી પુરુષ હતા એ હેમચન્દ્ર ગુરુ.

આપણા શરીરમાં બ્રહ્મરંધ્રમાં અમૃતનું ઝરણું છે. એને 'કલાપાનીય' કહે છે. ભાષામાં 'કલવાણી'. એ અમૃતનું ઝરણું કોઈક યોગી પુરુષને જ વશમાં હોય. એ પોતાની યોગસાધનાથી એને વશ કરે. વશ કરીને એ અમૃત વહાવે, ઝરાવે અને ઝરે એ પછી એ પોતાના થૂંક વાટે પેલા પાણીમાં નાખે છે. એવું પાણી કરીને ગુરુએ મંત્રીને આપ્યું કે 'જાવ, આ પાણી રાજાને છાંટજો, લગાવી દેજો.'

લઈને ગયા. છંટકાવ કર્યો. પળભરમાં જ રાજાનું શરીર નીરોગી, નિરામય અને સોહામણું બની ગયું. રક્તપિત્ત મટી

ગયો. બળતરા શમી ગઈ. હૃષ્ટપુષ્ટ સશક્ત બની ગયો. હવે આપઘાત કરવાની વાત ન રહી. આનંદ આનંદ થઈ ગયો.

સવાર પડી. રાજા વિચાર કરે કે પહેલાં ગુરુનો આભાર માનવા જાઉં. બહાર નીકળ્યો. જોયું તો દરવાજે એક સ્ત્રીને બાંધવામાં આવેલી છે, અને એ સ્ત્રી કાળો કકળાટ કરતી રડતી હતી.

'બહેન ! તમે કોણ ? અહીં કોણે તમારી આ દશા કરી ?' પેલી કહે, 'હું દેવી કંટકેશ્વરી'. 'તમે તો રાત્રે મને મારીને જતાં રહેલાં !' 'અરે ભાઈ ! તારા ગુરુએ મને લાવીને અહીં બાંધી દીધી છે, અને મારા અંગે અંગે બળતરા છૂટી છે. ભાઈ, મને માફ કર, અને તારા ગુરુને કહે કે મને છોડે. એની શક્તિ આગળ હું લાચાર થઈ છું.'

ગયા ગુરુ પાસે. વાત કરી. ગુરુએ દેવીને કહ્યું : એક શરતે છોડું. હવે કોઈ જીવહિંસા નહિ કરવાની. અને પાટણમાં ક્યાંય જીવહિંસા થતી હોય તો રોકવાની - જવાબદારી તારી.'

માતાજીએ જવાબદારી સ્વીકારી અને છૂટકારો પામ્યાં.

આ છે હેમચન્દ્રાચાર્યના જીવનની કેટલીક વાતો. આવા મહાન આચાર્ય ભગવંત અને પરમાર્હત મહારાજા કુમારપાળ - એ બન્નેએ મળીને જૈન શાસનની જે પ્રભાવના કરી છે, જૈન ધર્મનો જે ઉદ્યોત કર્યો છે અને પ્રભાવ ફેલાવ્યો છે, એની તો વાતો કરીએ તેટલી ઓછી છે. એનાં મૂલ્ય આપણે આંકી શકીએ એમ નથી.

## શાસનસમ્રાટ ભવન ગ્રંથમાળાનાં પ્રકાશનો

- **ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ ૧**
  - ૧. શ્રીહરિભદ્રસૂરીશ્વરજીની સાહિત્ય-પ્રસાદી
  - ૨. શ્રીહેમચન્દ્રાચાર્યની સાહિત્ય-પ્રસાદી
  - ૩. સોમસુંદરયુગની સાહિત્ય-પ્રસાદી
  - ૪. હીરયુગની સાહિત્ય-પ્રસાદી
  - ૫. ઉપાધ્યાયજીની સાહિત્ય-પ્રસાદી
  - ૬. શાસનસમ્રાટ અને તેમના શિષ્યોની સાહિત્ય-પ્રસાદી
- **આદર્શ ગચ્છ આદર્શ ગચ્છનાયક**
- **જયવંતું જિનશાસન**
- **शासनसम्राट् भवन की पुनित यादें**
- **ગુરુગુણગાનમય પ્રવચનમાળા : સંપુટ ૨**
  - ૧. સિદ્ધસેન દિવાકરસૂરિ જીવન અને સાહિત્ય સર્જન
  - ૨. વૈરાગ્યરસના ઉદ્‌ગાતા શ્રીસિદ્ધર્ષિ ગણિ
  - ૩. જીવદયા જ્યોતિર્ધર શ્રીહેમચન્દ્રાચાર્ય
  - ૪. વસ્તુપાલના ઘડવૈયા ગુરુભગવંતો
  - ૫. સંવેગમાર્ગના પુનઃ પ્રવર્તક ત્રણ પંજાબી મહાપુરુષો

KIRIT GRAPHICS
09898490091